## પ્રકરણ– ૫

# પંજાબી અને મરાઠી નવલકથામાં નારી

## ❖ 'પિંજર' – અમૃતા પ્રીતમ :

*भाग्य के थपेडे सहने वाली,*

*युवती की मार्मिक कहानी ।*

એવા પ્રથમ પૃષ્ઠના પેઈઝ પર જે વાક્ય લખેલું છે તેને ખરા અર્થમાં ચરિતાર્થ કરતી અમૃતા પ્રીતમની આ નવલકથા છે. અમૃતા પ્રીતમની આત્મકથા 'રેવન્યુ સ્ટેમ્પ' ઉત્તર ભારતમાં ચકચાર જગાવેલી કારણ કે દક્ષિણમાં મલિયાલમ અને અંગ્રેજીમાં લખનારી કવયિત્રી અને ઉત્તરની પંજાબી લખનાર કવયિત્રી વિશે એમાં જીવનની કેટલીક નિખાલસ કબૂલાતો કરી છે. પંજાબી ભાષામાં અમૃતા પ્રીતમને તો એમના કાવ્યસંગ્રહ 'કાગજ ઔર કેનવાસ'ને ૧૯૮૧નો જ્ઞાનપીઠ પુરસ્કાર પણ મળેલો છે. ૧૯૧૯માં જન્મેલી અમૃતા પ્રીતમે શરૂમાં 'નવી દુનિયા' માલિકનું અને પછીથી 'આરસી' તેમજ 'નાગફણસી' જેવા સામાયિકોનું સંપાદન કર્યું છે. ભાગલા પહેલા લાહોર ઑલ ઈન્ડિયા રેડિયો પર અને ત્યારબાદ આકાશવાણી દિલ્હી પર કામગીરી બજાવી છે. અમૃતા પ્રીતમે સાઠથી ઉપર પુસ્તકો લખ્યા છે. એમાં કેટલીક નવલકથાઓ પણ છે. એમની 'પિંજર' નવલકથાનો તો વિશ્વની અનેક ભાષામાં અનુવાદ થયો છે.

૧૯૪૭ની સાલમાં ભારત–પાકિસ્તાનના ભાગલાના સમયને અમૃતા પ્રીતમે 'પિંજર'માં જીવંત કર્યો છે. સદીઓથી જેને વતન ગણીને ચાલતા હોય એવા પરિવારોને માટે પોતાનું વતન રાતોરાત પરદેશ બની જાય, માણસો બેરહમ બની જાય, માનવતા મરી જાય આવા પાશવી અત્યાચારો અને બળાત્કારો વચ્ચે અહીંથી ત્યાં અને ત્યાંથી અહીંની

હેરાફેરીએ કેટકેટલા માણસોની લાગણીને હચમચાવી દીધી હશે. છૂટા પડતા અસંખ્ય માનવીઓના કેવા કેવા અંદરના જગત ઝંખાઈ ગયા હશે. એની તો કલ્પના કરી શકાતી નથી. અમૃતા પ્રીતમે ભાગલા વખતે નરી વાસ્તવિકતા વચ્ચે મુસ્લિમ અને હિન્દુ પરિવારના વિખૂટા પડતા કુટુંબીજનોની યાતના અને બન્ને પક્ષે પડેલી સમજ અને સંવેદનાને અદ્‌ભુત વાચા આપી છે.

'પિંજર' 'પૂરો' નામની એક નારીની કથા છે. પંજાબના ગુજરાત જિલ્લાના છતાઓની ગામમાં શાહો પરિવારમાં જન્મેલી પૂરોને નાની ત્રણ બહેનો હતી. અનેક માનતા બાદ પૂરોને મોટી વયે એકભાઈ પણ ઉમેરાયો હતો. ભાઈના આગમન પછી પૂરોના લગ્નની વાત ચાલી. એની સગાઈ નજીકના રતોવાલ ગામના સમૃદ્ધ પરિવારના સુન્દર અને બુદ્ધિમાન રામચન્દ્ર સાથે થઈ. બહેનપણીઓ રામચન્દ્રનું નામ લઈ–લઈ પૂરોને ખીજવતી. એકવાર બહેનપણીઓ સાથે ફરતી પૂરોને રશીદ ભટકાઈ જાય છે. રશીદથી ગભરાયને પૂરોને જોઈને બહેનપણી પૂછે છે : *"अरी लकडा था या कोई शेर था । सहेलीयोंने उससे ठठोली की किन्तु अभी तक पूरो की जान में जान नहीं आयी थी । शेर तो सिर्फ फाडकर खा जाता है, कहते है कि अगर रीछ का कोई ओरत अकेली मिल जाए तो वह उसे मारता नहीं उठाकर ले जाता है अपनी गुफा में जाकर उसकी अपनी स्त्री बना लेता हैं ।"* [૧]

પૂરો સાથે એવું જ થયું. રશીદ ઘોડા પર આવી ખેતરમાંથી પૂરોને પોતાને ત્યાં ઉઠાવી જાય છે. સૂક્ષ્મ સ્મરણો સંઘર્ષ વચ્ચે પણ છે એમાંથી જ સહાનુભૂતિનું મૂલ્ય જીવંત બની રહે છે.

આવા ભેદો બન્ને મુખ્યપાત્રો અને એમની સાથે સંકળાયેલા અન્ય પાત્રોમાં છે. પૂરો મૂળનામ પછી હમીદા તેના હાથ પર છુંદાયેલું એનામાં જેમ જેમ ભૂસ્યું ભૂસાયું નદીને

આગળ જવા એ નામથી જ એ બચી અને એ નામ એનામાં આરંભમાં સંઘર્ષ જન્માવે છે. એ અનુભવે છે કે દિવસ દરમ્યાન 'હમીદા' અને રાતે 'પૂરો' બની જાય છે. સ્વપ્ન પણ એવા જ આવે જેમાં એ પૂરો જ હોય અને માતા–પિતા સખીઓ સાથે ખેલતી કૂદતી હોય ન કેવળ પૂરો ન કેવળ હમીદા–આવી એની મનઃસ્થિતિ એને 'સ્વ ઓળખ શોધ'માંથી જન્મતી વેદનામાં પણ લઈ જાય છે. એટલી વેદના કે સ્વપ્ન ટ્રેજેડીના મૂળમાં એના સ્મરણોનું એનું પિંજર છે. એમાં સંઘર્ષ પણ છે.

પૂરોના અપહરણ બાદ થોડાંક દિવસ પછી જ એનું લગ્ન બાજુના જ ગામના રામચંદ્ર સાથે કરવાનું હતું. આ અપહરણ પાછળનું કારણ પણ બાપદાદાથી ચાલતું આવેલું વેર છે. મુસ્લિમ પરિવાર અને હિંદુ પરિવાર વચ્ચે મકાન ગિરવે મૂકી રૂપિયા આપવા લેવાનો વ્યવહાર થયેલો. એમાંથી ઝઘડાનું રૂપ રચાયેલું ને પૂરોના દાદાના મોટા છોકરાએ રશીદના દાદાની મોટી છોકરીને ઉપાડી જઈ ત્રણ રાત ઘરમાં રાખી છોડી દીધી હતી. આ વેર બીજ વકરતું ગયું. એક પેઢી એ રહ્યું. પછીની પેઢીમાં એ ફરી જાગ્યું ને આ ઘટના બની રશીદે બળજબરીથી જ લગ્ન પણ કર્યું. અલબત્ત એમાં એની જરાપણ ઈચ્છા નહોતી. ને એનો એને છેક સુધી પસ્તાવો પણ રહ્યો. એ રીતે ગુનાહિત લાગણીના પિંજરમાં એ કૃત્યના સ્મરણ પિંજરમાં એ પોતે બંધાયેલો રહ્યો. બન્નેના સંબંધથી જન્મેલા બાળક પ્રતિ પૂરોમાં મમતા અને નફરતની ગ્લાનીના ભાવો છે. એની પાછળનું કારણ પણ આ ઘટના જ છે. એ રશીદથી એક રાતે ભાગી જાય છે ને તેનાં માતા–પિતાનાં ઘરનાં દરવાજા ખટખટાવે છે. મા–બાપને મળે છે. આસું પણ આવે છે ને મા–બાપ એને જાકારો આપે છે. એનું મૂળ કારણ એનો ધર્મ અને સમાજ છે. એ રીતે આ બન્ને પરિવારો જુદી જ રીતે આરંભમાં જ એના સંઘર્ષ માટે કારણભૂત બને છે.

રશીદ થોડાક દિવસ પછી મૌલવી સાથે આવીને પૂરો સાથે નિકાહ પઢી લે છે. પૂરોનું નામ હમીદા બની ગયું. મનમાં ને મનમાં જેની સાથે સગાઈ થતી હતી એ રામચન્દ્રની સાથે પ્રીત બાંધી બેઠેલી. પૂરોના સપના તૂટી જતા અને એ ધીમે–ધીમે તૂટતી આવે છે. એક

દીકરાને જન્મ પણ આપે છે. જો કે છેક સુધી પૂરો સ્મરણોના પિંજરમાં રહે છે પરંતુ એમાંથી એ મનોમન મુક્તિ માટે મથામણ કરે છે. એ મથામણ પ્રક્રિયા સ્વયંમ આગળ જે મૂલ્યોની વાત કરી એને જન્માવે છે. એથી જ આ કૃતિ બધી રીતે ઉત્કૃષ્ટ કળાકૃતિ બને છે. જે રીતે એ મૂલ્યો બન્ને પાત્રોમાંથી નિષ્પન્ન થાય છે એ કળાત્મક છે. પૂરો જયાં રહે છે ત્યાં બાજુમાં જ કમ્મો નામની હિન્દુ છોકરી રહે છે. જે એની કાકી સાથે રહે છે. નિરાધાર જેવી જ કાકી એના પર રીતસર જુલ્મ જ ગુજારે છે. પૂરોની પોતાની વેદનામાં આ 'કમ્મો'ની વેદના એક રૂપ થાય છે ત્યાં એની વેદના એના સંઘર્ષને પેલા મૂલ્યોનું રૂપ મળે છે. એ તાદાત્મ્ય સ્થિતિનું અહીં જે નિરૂપણ છે તે : "*पूरोने आगे बढकर कम्मो को अपने से चिपट लिया । पूरो को अधिक आवश्यकता है कम्मो जिसके आसु पोछने वाला कोई न था । कम्मो के आंसु पूरो की बाह पर गिर रहे थे । पूरो के जीमे वही विचार रह-रह कर आ रहा था । कि जैसे वह जावेद की मा हैं वैसे ही कम्मो ही मा भी बन जाए, कम्मो उठकर रोने लगी, वह उसे उठा उठाकर बिठाएँ, उसे गोद में ले-लेकर फिरे, उसे चूमते न थके....। वह जावेद की माँ है, वह कम्मो की भाभी बन जाए वह सब अनाथों की माँ बन जाए.... वह एक अच्छी पुत्री नहीं बन सकती थी, वह एक अच्छी माँ बन जाए.... कम्मो हिन्दु थी और पूरो एक मुसलमानी थी, यद्यपि अभी तक अपने आपको वह पूरी समजती थी । कम्मो पूरो के घर का कुछ खा नहीं सकती थी, पर पूरो का जी करता था कि वह कम्मो को अपने 'हाथ से कौर खिलावे, उसे अपने हाथ से दूधका कठोरा पिलावे.... पूरो ने फिर कम्मो का पैर मला हथेलियो से गरम-गरम घी रगडा.... रूई से सेक किया....।*"[२] આ રીતે કમ્મોની નિરાધારતાને એ જે રીતે સ્નેહ રસિક કરે છે એ વર્તન ખુદ મોટું જીવન મૂલ્ય બની

રહે છે. આ જીવન મૂલ્ય એના સંઘર્ષમાંથી આ સ્વરૂપ આવે છે ત્યાં એ પાત્રને આ રીતે કંડારવામાં સર્જકની સિદ્ધિ છે.

પૂરોના ગામમાં એક પાગલ સ્ત્રી રખડતી હતી. એ ગર્ભવતી હતી. પૂરો એને જોઈ દુ:ખી થતી. પૂરો વિચારતી હતી કે કયા પશુએ આની આ દશા કરી હશે ? એક દિવસ વહેલી સવારે એક વૃક્ષ તળે, પૂરોએ પાગલ સ્ત્રીની લાશ જોઈને બાજુમાં રડતું બાળક ! રશીદને બોલાવીને એ બાળકની નાળ કપાવે છે, ને બાળકને ગોદમાં લઈ લે છે. રશીદનો પણ આમા પૂરો સહકાર છે, એ રાતે પૂરો એ સ્ત્રીના વિચાર કરતી કરતી સૂઈ ગઈ. એને એક સ્વપન આવ્યું. આ રહ્યું જુઓ : **“पूरो ने देखा एक दौडती घोडी पर डालकर रशीद उसे भगाए ले जा रहा है । किसी बाग की एक छोटी–सी कोठडी में पूरो तीन दिन रखकर रशीद ने पूरो को घर से निकाल दिया हैं । पूरो पागल हो गई हैं । वह गलियो में घूमने लगी है । उसके पेट में एक बच्चा सरसराने लगा है– और फिर... फिर एक दिन एक पेड की छाया में उसके एक बालक का जन्म दिया हैं । उसका बालक उसकी छाती से लग कर दूध के लिए रो रहा है । पर पूरो को दूध उतर नहीं रहा हैं ....।”**[૩] એ જાગી જાય છે. જુએ છે કે પોતે સલામત છે. એને આ પાગલ સ્ત્રી સાથેનું તાદાત્મ્ય કેવું છે એનું આ નિદર્શન કરે છે. એ તાદાત્મ્ય જ એનું નવું બળ આપે છે ને જ્યારે ગામના વડીલો એવો દાવો કરે છે કે પાગલ સ્ત્રી હિન્દુ હતી અને બાળકને ઉછેરવાનો હક્ક અમારો છે ત્યારે એ જોરથી સામનો કરે છે. રશીદ પણ મક્કમ મનથી રજૂઆત કરે છે છતા એ લોકો બાળક છીનવી લે છે. મા વિના મૃતપ્રાય થઈ ગયેલું બાળક એ લોકો પરત કરે છે. પૂરો એને ફરી ગોદમાં લે છે ને બાળક થોડા દિવસમાં સરસ થઈ જાય છે. તારો નામની સ્ત્રી પ્રત્યેની મમતાના મૂળ પણ આવાં જ છે.

પૂરો કોમી રમખાણ દરમિયાન છૂટી પડી ગયેલી પોતાની ભાભી લાજોને શોધવા એ ચાદર–ખેસ વેચનારી બને છે. તેની ભાભીને શોધી કાઢે છે ને બચાવી લે છે ને પોતાના ભાઈને સોંપે છે. લાજોને મુક્ત કરવાના કામમાં રશીદ જ મોટો આધાર બને છે. લાજો માટે એ રશીદને તૈયાર કરતા કહે છે "*जैसे मुझे घोडी पर उठा लाया था, वैसे ही अब भी हिम्मत कर.... I*"[४] લાજો પહેલા ગુમરાહ થયેલી, ભંગ બનેલી બીજી એક હિન્દુ છોકરીને એ આધાર આપે છે અને હેમખેમ એને હિન્દુ કાફલાને સોંપે છે.

આ દરમ્યાન રશીદના નજીકના સગાની ઘરડી મા પોતાની આંખોના ઈલાજ માટે રતોવાલ ગામના પીર પર પૂરોને સાથે લઈ જાય છે. પૂરોના મનમાં રતોવાલમાં રહેતા રામચન્દ્ર માટેની ઈચ્છાઓ પ્રબળ બને છે. એક ખેતરમાં એ રામચન્દ્રને મળે છે. રામચન્દ્ર પૂછે છે તૂ પૂરો છે ? તો એને કોઈ જવાબ આપ્યા વગર એ ત્યાંથી ચાલી આવે છે ભાગલા દરમિયાન અને એકવાર એ પહેલા પણ રામચન્દ્ર પોતાનો ભાઈ લાજો અને રશીદની સાથે રહીને એ બધાને વિદાય આપે છે. એક આખો કાફલો છે જે રમખાણનો ભોગ બન્યો હતો. ઘર, વતન, સ્વજનોથી છૂટો પડી ગયો હતો. એ સરકારની સહાયથી જઈ રહ્યો છે. આ એક એવી તક છે. જેનો લાભ લઈ પૂરો મુક્ત થઈ શકે. પરંતુ એ એમ નથી કરતી..... રશીદ સાથે જ રહે છે. લાહોર.... સરહદ પર હેરાફેરી વખતે પૂરોનો ભાઈ સંકેત કરે છે કે પૂરો પણ આ તકનો લાભ લઈ હિન્દુ પરિવાર સાથે છટકી જઈ શકે તેમ છે. રામચન્દ્રનું પણ પૂરોને આકર્ષણ છે છતાં પૂરો પાછળ હટી ચૂપચાપ દીકરાને લઈને રશીદની નજીક આવીને ઊભી રહી જાય છે. જે રશીદે એકવાર એને બધા સ્વપ્નથી અલગ કરી હતી, એ જ રશીદે આજે અત્યાચારીઓ પાસેથી લાજોને છોડાવી છે. લાજો ભાભી હોવા છતા રામચન્દ્રની બહેન પણ હતી પણ પૂરો રશીદ સાથે સરહદની પેલી બાજુ જ રહી જાય છે. ભાઈ તેને સાથે આવવા કહે છે પણ એ ના પાડતા કહે છે : "लाजो अपने घर लोट रही है समझ लेना कि इसी में पूरो भी गई । मेरे लिए तो अब यही जगह रही गई हैं । उसके बाद

मनहिमन कहते है कि "चाहे कोई लडकी हिन्दु हो या मुसलमान जो लडकी भी लोट कर अपने ठिकाने पहुँचती है, समजो की उसी के साथ पूरो की आत्मा भी ठिकाने पहुँच गई । "[५] પૂરોની આ સહાનુભૂતિમાની વાણી એના ચરિત્રની ગરિમા છે.

રશીદ સામે બાપદાદાનું વેર છે, એના વળામણા કરવામાં છે એના પૌરુષ સામે એ લોકોનો પડકાર છે. એ રીતે પારિવારિક સત્તા એને કરડે છે ને એ પૂરોનું અપહરણ કરવામાં મક્કમ બને છે ને એ કામ પાર પાડે છે એ જ બાબત એના સંઘર્ષનું મૂળ બને છે. એના પછી ઉમેરાય છે સમાજ અને ધર્મ એ નથી ઈચ્છતો પૂરો નામ ભૂસીને હમીદા નામ રાખે પરંતુ એની વૃદ્ધ દાદીમાં એને એમ કરવા કહે છે.

પૂરો જતી રહે એવું એ ઈચ્છે તો પણ એનો કઈ અર્થ જ નથી કેમ કે હિન્દુ સમાજ એને ના સ્વીકારે એથી જ પોતાનાં ઘરેથી માબાપનાં ઘરે ભાગી ગયેલી અને રડતી પાછી ફરેલી પૂરોને લેવા એ બહાર બેઠો જ છે. છેવટે એની સાથે લગ્ન એ જ બાબત એ પુરુષપક્ષે રહે છે. એથી જ એ આરંભથી જ પસ્તાતો રહે છે. પોતાના પિંજરમાંથી એ પણ મુક્ત થવા લાગે છે. પેલા મૂલ્યો જ એને મુક્ત કરે છે.

પાગલ સ્ત્રીના બાળકને અપનાવવા અંગે એ પૂરો સહયોગ આપે છે. એટલું જ નહીં હિન્દુ સમાજના એ વડીલો સામે પણ દલીલો કરે છે કે છ મહિના થઈ ગયા ત્યાં સુધી તમે કયાં હતા ? એની આ વાણી એમ જ નથી પ્રગટી એને જ પાપ લાગ્યું છે, પૂરોને ભગાડવાનું એ અંગેની સભાનતામાંથી આ જન્મ્યું છે, કહો કે આ રીતે એ ઋણમાંથી મુક્ત થાય છે.

પૂરોના ભાઈએ જ રશીદના ભર્યા–ભર્યા ખેતરમાં આગ લગાડી હતી. ખેતરની એ રાખમાં બેસી એણે આસું સારેલા પાછળથી જ એને એ વાતની પણ જાણ થયેલી છતાં એનો બદલો પૂરો સાથે એને ના લીધો. એનો બદલો એના ભાઈના પત્ની લાજોને વધારે ફસાવીને મુક્ત નહીં કરીને પણ ના લીધો એ તક હતી છતાં એણે એટલું જ નહિ એક મુસ્લિમ હોવા

છતાં આખા મુસ્લિમ સમાજગત સત્તાને ઉવેખીને એની સામે પડીને એણે લાજોને બચાવી, લાજોને મુક્ત કરી.

અંતમાં એ લાજો અને પૂરોની વાતચીત દ્વારા પૂરોના મનોગતને સ્પષ્ટ જોઈ શકે છે. રામચંદ્ર પ્રતિના એના મનને પણ સમજી શકે છે. છેક સુધી પૂરો આઘાતજન્ય સ્થિતિ અને એમાંથી જન્મેલા સ્મરણોમાં અટવાતી રહે છે, તેપણ એના ધ્યાનમાં આવે છે, એથી જ એ પૂરોના ભાઈના વિચારનેય મહત્ત્વ આપીને પૂરોને દેવા રાજી થાત અલબત્ત પૂરો જ ના પાડે છે. એના આ અંતિમ વલણમાંય અંતે તો એની મુક્તિ જ હોત. આમ છતાં એ એના પૂરો સાથેના આવા માનવીય કર્તવ્યથી એના પિંજરમાંથી મુક્ત થયા જ છે.

બળાત્કારે અપહરણ પામેલી પૂરોની કૂટવાઈ ગયેલી ઈચ્છિત લગ્ન સૃષ્ટિ છતાં રશીદ સાથે તાલ મેળવતી પૂરો પૂરી નિષ્ઠા સાથે રશીદનો સ્વીકાર કરે છે અને અંતે અંદર–બહારની સમતુલાને પૂરા સમભાવથી સંભાળી લે છે. એ આ નવલકથાનું હાર્દ છે. આ ઉપરાંત તબાહ થઈ ગયેલી એક નારીની ઊંડી સમજનું સત્ય હૃદયને સ્પર્શી જાય તેવું છે.

લેખિકાએ ચરિત્રચિત્રણનો પણ બેખૂબીથી ઉપયોગ કર્યો છે. નવલકથામાં આવતા દરેક પાત્ર ૧૯૪૭ વખતનાં ભાગલાનો સુપેરે પરિચય કરાવે છે. કંઈક ખૂટતું લાગે છે. છોકરો હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. નવલકથાની નાયિકા પૂરો એક હિન્દુ કુટુંબની દીકરી હતી તે ના લગ્નના થોડાક દિવસ અગાઉ તેનું અપહરણ થાય છે અને અપહરણ કરી રશીદ નામનો મુસલમાન છોકરો તેને ઘોડા ઉપર ઉપાડીને પોતાને ત્યાં લઈ જાય છે અને બે–ત્રણ દિવસ રાખે છે. ત્યાંથી પૂરો પોતાની જાતનો બચાવ કરી ભાગી છૂટે છે પણ તેના મા–બાપ તેનો સ્વીકાર કરતાં નથી અને એને અંતે તે રશીદ સાથે નિકાહ પઢી લે છે અને તેના સંતાનની મા પણ બની જાય છે. સમય જતા પૂરોને એક તક પણ પ્રાપ્ત થાય છે કે તે તેના ભાઈ સાથે ફરી હિન્દુસ્તાન જવાની પણ તે પોતાનો ભૂતકાળ ભૂલી જઈને વર્તમાન ક્ષણને જ પસંદ કરી રશીદ સાથે બાકીની જિંદગી વિતાવવાનું નક્કી કરી લે છે. તો કથાનાયક

રશીદનું પાત્ર પણ એટલું જ ખુમારી વાળું બતાવવામાં આવ્યું છે. રશીદ પૂરોને ઉઠાવી જવા માગતો નહોતો પરંતુ તેના દાદીને વચન આપેલું હોવાથી તે પૂરોને ઉઠાવી જવાની ઘટના બાદ રશીદ કયાંય પૂરોને હેરાન કરતો જોવા મળતો નથી પરંતુ ઊલટાની તેની ભાભીને શોધવામાં તેની મદદ કરે છે. આમ પૂરો અને રશીદ સિવાયના અન્ય પાત્રો જેવા કે પૂરોનો દીકરો હમીદ પૂરોની સામે રહેતી કમ્મો, તેની ભાભી લાજો, પૂરોની સાથે સગાઈ થઈ ગયેલો રામચન્દ્ર દરેક પાત્રને લેખિકાએ પોતાની આગવી શૈલી દ્વારા ઉપસાવ્યા છે.

ચરિત્રચિત્રણ ઉપરાંત નવલકથાનું વાતાવરણ પણ લેખિકાએ બેખૂબીથી ઉપસાવી કાઢયું છે. પંજાબ અને તેની આજુ–બાજુના વિસ્તારોનો ઉપયોગ કર્યો છે. ૧૯૪૭ના ભાગલાના સમયે જે પરિસ્થિતિ લોકોની હતી તે જ તેની આ નવલકથાના વાતાવરણમાં ઉપસી આવી છે. ઘણા મુસલમાન હિન્દુસ્તાનમાં રહીને હિન્દુ છોકરા–છોકરીઓ સાથે પરણીને હિન્દુ બની ગયા તો બીજી બાજુ હિન્દુઓ પાકિસ્તાનમાં જતા રહ્યા અને એકબીજા સાથે લગ્ન કરી મુસલમાન પરિવાર સાથે કાયમને માટે જોડાઈ ગયાં. એમાં પૂરોના પાત્ર દ્વારા એક ઉત્તમ ઉદાહરણ તરીકે પિંજરમાં લેખિકાએ આપણી સમક્ષ રજૂ કર્યું છે. વાતાવરણ ઉપરાંત તેમની ભાષાશૈલી પણ ખૂબ જ રોચક છે. સમય અને સ્થળના પરિવર્તનોને કારણે ભાષા પરિવર્તન પામતી રહે છે પણ નવલકથામાં લેખિકાએ ખૂબ જ સરળ અને સીધી ભાષાનો વિનિયોગ કર્યો છે.

આમ, 'પિંજર' નવલકથા 'પૂરો' નામની એક નાયિકાના આંતર–બાહ્ય જીવનના સંઘર્ષને સૂચક કરતું નવલકથાનું ટાઈટલ નવલકથાની નાયિકાને બેખૂબીથી સ્પર્શે છે. 'પિંજર' નવલકથા ઘણી ભારતીય ભાષામાં અનુવાદિત થયેલી છે અને તેનું ફિલ્માંકન પણ કરવામાં આવ્યું છે. આમ 'પિંજર' એ અમૃતા પ્રીતમની ભારતીય ભાષાઓની નવલકથાઓમાં નોખી જ ભાત પાડતી કૃતિ તરીકે ઉપસી આવે છે.

## ❖ 'આનું નામ જિંદગી'–લે.દલીપ કૌર ટિવાણા, અનુ. ચન્દ્રકાન્ત શેઠ:

દલીપ કૌરની આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ 'આનું નામ જિંદગી' શીર્ષક સાથે ચન્દ્રકાન્ત શેઠે કર્યો છે. આ નવલકથા કલ્પનોથી ભરપૂર કાવ્યમય કરૂણગાથા છે. જે પંજાબી સંસ્કૃતિમાં સ્ત્રીના માર્મિક સ્થાનનું એક મહત્ત્વપૂર્ણ ચિત્રણ છે. એક એવી સામાજિક પરિસ્થિતિ જ્યા સ્ત્રીને મનુષ્ય નહીં પણ વસ્તુ માનવામાં આવે છે. ગ્રામીણ પંજાબનું હૃદયસ્પર્શી આલેખન આ નવલકથાનો પ્રાણ છે. દલીપ કૌર ટિવાણાએ પંજાબી નવલકથાનો પરંપરાની સંભાવનાઓને સિદ્ધિનું રૂપ આપ્યું છે. એમની દસેક નવલકથાઓમાંથી 'આનું નામ જિંદગી' નૂતન કથાબોધની ઉન્મતાને સ્પર્શે છે. નારીવાદની ઊંચે અવાજે પોકારાતી બાંગના આ યુગમાં પણ નારીની દશા બહુ સારી નથી. આજે નારીને વસ્તુ સમાન માનવામાં આવી અને એવો વિચાર પણ પ્રવર્તતો ગયો કે નારી પુરુષની સંપત્તિ છે, તેને જુગારમાં મૂકી શકાય, દાનમાં દઈ શકાય, વેચી શકાય, ખરીદી શકાય. સમયાન્તરે ભારતીય માનસ બદલાતું રહ્યું છે પરંતુ નારીની સ્થિતિમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. આ પરિવર્તન આવતા હજી ઘણો સમય વીતી જશે.

આ નવલકથામાં સુખમય જીવન જીવતી એક ભારતીય યુવતીને આ જન્મે નારી તરીકે લીધેલા માટે જન્મ માટે જ સજા ભોગવવાની હોય એમ વેચાતું રહેવું પડે છે. ઘર અને ઘરવાળા બદલતા રહેવું પડે છે. અપમાન અને આઘાતજનક સ્થિતિમાં મૂકાતા રહેવું પડે છે.

કથાનાયિકા ભાનુ શહેર કહી શકાય તેવા ભડીના કોટલે ગામમાં પોતાના માતા–પિતા–ભાઈ સાથે રહે છે. પ્રારબ્ધની અવળી ગતિને કારણે દારૂની લતે ચડી જતા અસંખ્ય રોગનો ભોગ બનેલા ભાઈ ડાંગરને બચાવવા આખુંય કુટુંબ આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. થોડા સમયમાં ભાનુનો ભાઈ અને તેની માતા મૃત્યુ પામે છે. ભાનુના પિતા આર્થિક મુશ્કેલી દૂર કરવા પાંચસો રૂપિયા લઈને ભાનુને પરણાવી દે છે. ભાનુ તેના સાસરે

જાય છે, ત્યાં તેની પરિસ્થિતિ બદલાય જાય છે. ભાનુ તેના પતિ સરબત અને તેની સાસુ અને સરબતના ચાર કુંવારા ભાઈઓ સાથે દામ્પત્યજીવન શરૂ કરે છે. સરબતના કુવારા ભાઈઓ ભાનુ તરફ મેલી નજર કરે છે. આવું વારંવાર બનવાથી ભાનુ તેના પતિ સરબતને ફરિયાદ કરે છે. સરબત સમજુ હતો. ભાનુની વાત માની તે તેના ભાઈ અને માથી જુદો થઈ જાય છે અને પોતાની ગૃહસ્થી ચાલુ કરે છે. થોડોક સમય આનંદમાં પસાર થઈ જાય છે પરંતુ એક વર્ષ પછી પાણીના વારા બાબતે સરબતને તેના ભાઈઓ સાથે ઝઘડો થાય છે. સરબતને ઝઘડામાં લાગી જાય છે અને તેનું મૃત્યુ થાય છે, ભાનુ વિધવા બને છે. ભાનુના વિધવા બન્યા પછી તેની પરિસ્થિતિ દયનીય બની જાય છે અને તે મુશ્કેલીમાં મુકાય જાય છે. ભારતીય સમાજમાં આવી નારીની વાસ્તવિક સ્થિતિ દયનીય બની રહે છે.

ભાનુના સસરા પક્ષના લોકો તેને દિયરવટુ કરવા સમજાવે છે પરંતુ ભાનુનું મન આ વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર નથી. તે પોતાના સસરા પક્ષના બધા લોકોનો વિરોધ કરીને પોતાના પિયરમાં એકલા અટૂલા રહેલા પિતા પાસે આવી જાય છે. વૃદ્ધ પિતાને દીકરીના ભવિષ્યની ચિંતા છે અને બીજી બાજુ તેના સસરા પક્ષના લોકો તેને ધાકધમકી આપ્યા કરે છે. આવી પરિસ્થિતિનો સામનો કરવા તેના પિતા ફરી પાછો ભાનુના લગ્ન માટે સોદો કરે છે. ભાનુને આ વાતની જાણ થતા તેને આઘાત લાગે છે. આવી પરિસ્થિતિનો સામનો કરવા તે આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી લે છે અને એક દિવસ તે ગંગાના ઊંડા પ્રવાહમાં ઝંપલાવે છે પરંતુ તેમા પણ તેનું ભાગ્ય સાથ આપતું નથી અને તે બચી જાય છે. નારાયણ નામનો એક યુવક ગંગામાં સ્નાન કરવા માટે આવે છે અને અચાનક જ તેની નજર પેલી ડૂબતી સ્ત્રી પર પડે છે અને તે તેને બચાવી લે છે. ભાનુ નારાયણને કહે છે કે આ જગતમાં મારું કોઈ નથી. હું એકલી જ છું બીજી બાજુ નારાયણ પણ એકલો જ હતો. એટલે તેને બચાવી નારાયણ પોતાના ઘરમાં લાવે છે. આ ભાનુનો અતિતકાળ હતો હવે લેખિકાએ ભાનુનો વર્તમાનકાળ આપણી સામે નવલકથામાં દર્શાવ્યો છે.

નારાયણ ભાનુને પોતાના ઘરમાં લાવે છે અને ત્યાંથી કથાની શુભ શરૂઆત થાય છે. નવલકથાનો આરંભ સહજ છતાં નાટ્યાત્મક દશ્યના આલેખનથી થયો છે. નારાયણને ત્યાં નવી આવેલી સ્ત્રીના વિશે આજુ–બાજુની સ્ત્રીઓમાં વાર્તાલાપ શરૂ થાય છે. બધી સ્ત્રીઓ પોત–પોતાની રીતે અટકળો અને અનુમાનો લગાવે છે પરંતુ એક વાત સ્પષ્ટ છે કે નારાયણ ગંગા સ્નાન કરવા ગયો હતો અને ત્યાંથી તે સ્ત્રીને લાવ્યો હતો. બધી સ્ત્રીઓ એવું વિચારે છે કે જે હોય તે નારાયણ ગંજેરીનું તો નસીબ ઉઘડી ગયું. બે વખત ચૂલો ફૂંકતો હતો હવે તો તૈયાર રસોઈ મળશે. કહે છે કે આ પહેલા પણ જુવાનીમાં એણે પાંચસો રૂપિયા દઈને લગ્ન કર્યાતાં. ***"હા, પણ ત્યારે તો આ અભાગિયાની સાથે ઠગાઈ જ થઈ હતી. એ બાઈ તો બે મહિના પણ ટકી નહોતી. એ તો કહે છે કે સાવ ફરંદી હતી. પૈસા લઈને મા–બાપ એને કોઈકની સાથે વળાવી દેતાં હતાં અને મહિના બે મહિના પછી ત્યાંથી ભાગી જતી ફરી પાછી પૈસા લઈને એને કયાંય બીજે વળાવતાં. એમનો એવો ધંધો હતો."*** [૬] ઘણા મા–બાપનો આવો એક પ્રકારનો ધંધો થઈ ગયો હતો.

આજુ–બાજુની દરેક સ્ત્રીમાં કંઈને કંઈ ભાનુ વિશે ગડમથલો ચાલ્યા કરે છે. નવી આવેલી સ્ત્રીનું ચારિત્ર્ય નારાયણથી પણ ખરાબ હશે તેવું તે સ્ત્રીઓ માનતી હતી. તેથી જ તેવો નારાયણ જેવા દારૂડિયાને પસંદ કરીને તેની સાથે આવે ને સ્ત્રીઓનું એવું માનવું હતું કે આ સ્ત્રીએ આવા કરૂપા અને ગંદા માણસનું ઘર કેમ પસંદ કર્યું હશે. તો કોઈક કહે છે કે ભાનુ તો આવી લાગતી નથી. તો બીજી બાજુ કહે છે કે લાગવામાં વળી બીજું શું વધારે તેને લાગવાનું હતું જે પિયર અને સાસરું છોડીને ધરમની ગાય બનીને ફરે છે તે તારા માટે ભલી હશે. આગળ તે કહે છે – ***"અરે બેટી, કોઈ કયા કારણે દેવતા પર ચાલે છે તેની શું ખબર પડે!" "નહીં માજી, તું તો આખી દુનિયાને પોતાના જેવી સમજે છે. મને તો આના લખ્ખણ સારા નથી લાગતા. જે કોઈને ત્યાં પાઠપૂજા થાય છે તેને ત્યાં આગળ પડીને દોડે છે. મોટી ભગતાણી ! નવસો ઉંદર ખાઈને બિલાડી હજ કરવા ચાલી !"*** [૭]

અલી દયા અંદરની વહી તો અંદરવાળો જાણે. આપણે શા માટે એના વિશે તર્કો કરીને પાપના ભાગીદાર બનીએ ? બીજા શા હાલ છે તારા ભાઈના ? દયાએ તડકામાં મૂકેલા રવૈયા પરના ચીકણા મેલના વાટા હાથથી ઘસીને ઉતારતા પૂછ્યું ***"લે બિચાર–ફિયારી કંઈ નહીં, માજી, અમારા ગામમાંયે હતી આવી એક બદયાલ કહે કે રોજ સવારે ગુરુદ્વારે કથા સાંભળવા જાઉં છું પરંતુ એક દહાડો પોતાનાં પિયરિયાને સાસરિયાની આંખોમાં ધૂળ નાખીને ભાઈજી (પૂજારી) જોડે જ ભાગી ગઈ. ત્યારે ખરી વાતનો પતો લાગ્યો પણ એના ઘરવાળાએ તો એનો પીછો કર્યોને સ્ટેશન પર જઈને પકડી. ભાઈજીનું મોઢું કાળું કરી ગળામાં ખાસડાનો હાર પહેરાવી ગધેડા પર બેસાડી આખા ગામમાં ફેરવ્યો અને પેલી ઉખડેલી, એના બાપને બોલાવીને સોંપણી કરતા કહ્યું કે ભાઈ, આ તારી છોકરી એને કૂવામાં ફેંક કે ખાઈમા નાખ હવે તે અમારા કામની નથી રહી."***[૮]

દરેક સ્ત્રીઓ પોત–પોતાની રીતે અટકળ કાઢ્યા કરે છે પરંતુ તેમાં દયા અને બચની નામની સ્ત્રીઓ કથાનાયિકાની વાસ્તવિક પરિસ્થિતિને સમજ્યા વિના તેના ચારિત્ર્ય પર કાદવ ઉછાળ્યા કરે છે. બધી સ્ત્રીઓના વિચારોથી કંઈક અલગ જ પ્રકારનું ભાનુનું વ્યક્તિત્વ હતું. ભાનુની સહનશીલતા, વિનમ્રતા અને તેનામાં રહેલી પવિત્રતાને તેના પાડોશમાં રહેતી સતીમા ભાનુને બરાબર સમજી ગયાં હતાં. ભાનુ એવી સ્ત્રી નહોતી તેમ ભાનુનો પક્ષ લઈ બીજી સ્ત્રીઓ સાથે દલીલો કર્યા કરતાં હતાં. આમ ગામડા ગામમાં સ્ત્રીઓ એકબીજાને પોતાની કથનીઓ કંઈ જીવનમાં આવેલા દુઃખોને હળવા કરતી હોય છે. ભાનુ અને સતીમા આ નવલકથામાં ઉત્તમ ઉદાહરણ તરીકે આપણી સમક્ષ લેખિકાએ મૂક્યાં છે.

નાયિકાનું સાચું વ્યક્તિત્વ નારાયણ સાથે તેનું સહજીવન જોતા સમજાય છે જે નારી જીવનના ઝેર પીને દુભાયેલી છે અને આવા જીવનને ટૂંકાવી દેવા આત્મહત્યાનો પ્રયાસ કરે છે તે સ્ત્રી એક કોઢિયા કદરૂપા ગંદા દારૂડિયાના ઘરમાં આવે છે અને પોતાના એ ઘર અને

ઘરવાળાને સુધારવા તનતોડ મહેનત કરે છે. ભાનુ પોતાની સદ્ગુણોથી પોતાના હૃદયમાં અને ઘરમાં પોતાનું સ્થાન બનાવે છે. તે નારાયણના ઘરમાં આવે છે ત્યારથી જ ઘરની પરિસ્થિતિ અને રંગરૂપ બદલાય જાય છે. તે ઘરને બરાબર સાફ રાખે છે. નિયમિત મેલા કપડા ધૂએ છે, અભેરાય પરના વાસણો પણ ચકચકિત રાખે છે. જૂની કૂંડી તોડી નવી કૂંડી બનાવે છે મોરલાની ભાતવાળો આંટો બનાવે છે. ખેતી કરીને ગીરવે મૂકેલાં ખેતરને છોડાવે છે. ઘરના ગાય, ભેંસને બરાબર સાચવે છે. ઘર સાથેના તેના લગાવને કારણે નારાયણ જેવાના ખોલકા જેવા મકાનને ઘરમાં પરિવર્તન કરે છે. એટલું જ નહિ પરંતુ નારાયણની કુટેવો છોડાવવાનો પણ પ્રયત્ન કરે છે. દારૂ ન પીવાના શપથ લેવડાવે છે. કુટુમ્બમાં રહેલી એકની એક બહેનને મળવા જવાનું કહે છે. સમાજમાં સારા સંબંધો રાખવાનું કહે છે. નારાયણની બહેન કરતારીની દીકરીના લગ્ન ધામ–ધૂમથી કરાવી આપે છે. નારાયણની બહેન એટલે કે પોતાની નણંદ પ્રત્યે તે પોતાનો આદર ભાવ વ્યક્ત કરે છે. નારાયણના પૂર્વજોનું શ્રાદ્ધ કરે છે. આડોશી–પાડોશી કાનભંભેરણી કરી ત્યારે નારાયણના હાથે માર પણ ખાય છે અને મૂંગા મોંએ સહન કર્યે જાય છે. જેવો છે તેવો પોતાનો પતિ છે. મૂંગા મોંએ બધુ સહન કર્યે જાય છે. આમ કથાનાયિકા ભાનુના જીવનમાં સ્થિરતા નથી. પોતાની સંવેદનાઓ જેની સાથે જોડાયેલી છે એવા ઘર અને ઘરવાળા બદલવા જતા સ્થિતિ સર્જાય છે. ભાનુના સ્થિત્યાંતરનું કારણ નારાયણ ના મનમાં જન્મેલી પુત્ર પ્રાપ્તિની ઈચ્છા છે. નારાયણની પુત્રૈષણા ભાનુના જીવન અને માનસમાં ફરી પલટો લાવે છે.

નારાયણ ભાનુ થકી સંતાન પ્રાપ્ત કરી શક્યો નહતો. તેથી તેની અતૃપ્ત ઈચ્છા બહેન કરતારીનો દિયર પોતાની સાળી ભાગવંતી વિશે વાત કરીને જગાડે છે. ભાગવંતીના લગ્ન થયા હતા પરંતુ થોડા જ મહિનામાં તે પાછી ઘેર આવી ગઈ હતી. હરિયો છસ્સો રૂપિયામાં ભાગવતીને પરણાવવાનું નક્કી કરે છે. પાડોશણ સતીમા આ વાત ભાનુને કરે છે ત્યારે ભાનુ આશ્ચર્ય સાથે આઘાત અનુભવે છે. પોતાના ઘરમાં બીજી સ્ત્રી આવશે અને પોતાનો પતિ બીજી સ્ત્રીનો પતિ અને તેના બાળકનો પિતા બનશે એવા વિચારોથી ભાનુનો જીવનોત્સાહ

મંદ પડી જાય છે. સતીમાના મુખે અને પછી પોતાના પતિના મુખે નવી સ્ત્રીને ઘરમાં લાવવાની વાત સાંભળતા જ ભાનુ ભાંગી પડે છે. તેણીએ અનુભવેલા આઘાતની અસર એના દૈનિકકાર્ય અને શરીર–મન પર પણ પડે છે. રોજ વહેલી ઉઠતી ભાનુને પથારીમાંથી ઊઠવાનું મન થતું નથી. તે મોડી ઊઠી કામે વળગે છે પરંતુ છાશ વલોવા જતાં તેના હાથ કામ કરતા નથી. દૂધ દોહવા બેસે તો ભેંસની લાતને કારણે દૂધ ઢોળાય જાય છે. ઘંટીએ દળવા બેસે તો તેનાથી દળાતું નથી. ચા બનાવે છે તો તપેલી હાથમાંથી છટકી જાય છે અને ચા ઢોળાઈ જાય છે. સ્વચ્છ રાખવાની આગ્રહી હોવા છતાં પોતાના કપડા બદલાવતી નથી. ભાનુ પોતાના મનની શાંતિ માટે ગુરુદ્વારે જઈ બુહારી કરે છે. છોડવાને પાણી પાય છે ત્યાં પણ ભાનુને કામવંશ પૂજારીનો કડવો અનુભવ થાય છે. ઘર અને ગુરુદ્વારમાં પણ શાંતિનો અનુભવ કરી શકતી નથી. ભાનુ બહારથી ખોવાયેલી અને અંદરથી ખવાયેલી લાગે છે. ભાનુ મન અને તનથી સાવ ભાંગી પડે છે. ભાગવંતી સાથેના સમ્બન્ધ સન્દર્ભે કહેતા નારાયણ ભાનુને સમજાવતા કહે છે : ***"જોને ભાનુ મને ભગવાન પૂછે, ચાહે તો તું મારી મતે ગંગાજળ લેવડાવ હું તને જીવનભર છોડીશ નહીં જો જેને ઘરની મુખત્યાર તો તું જ હશે. ચાહે તો અંગૂઠો કરાવી લે. વળી જો ભાનુ આપણને ઘડપણમાં કોઈ પાણી પાનારું પણ જોઈશે ને ! બસ એક બાળકને ખાતર આ બધું છે. મેં એને ચોખ્ખે–ચોખ્ખું કહી દીધું હતું કે ભાઈ, જો ભાનુ માનશે તો ત્યારે જ બધું બને."***[૯]

ભાનુ નારાયણની બધી વાત મુક્ત બની સાંભળી લે છે. નારાયણ તેના મોનને તેની સંમતિ સમજી લે છે. તે ભાગવતી સાથે લગ્ન કરી લે તે પહેલા ભાનુ સાથે એક અકસ્માત બને છે. ઘરના છાપરા પરના ધુમાડિયાને ઢાંકવા માટે છાપરા પર ચડેલી ભાનુનો પગ લપસે છે અને તે નીચે પડે છે. બેભાન બનેલી ભાનુને ભાનમાં લાવવા ડૉકટર બોલાવે છે. ભાનુ પ્રત્યેનો આદરભાવ અને પ્રેમને કારણે નારાયણ ડૉકટરને કહે છે : ***"ડૉકટર સાહેબ, જરૂર પડ્યે મારું આખું ઘરબાર ભલે જાય, પણ ભાનુને બચાવી દો."***[૧૦]

નારાયણ હાથ જોડી ડૉકટરને વિનંતી કરે છે. ડૉકટર ભાનુને શક્તિનું ઈંજેકશન આપે છે. થોડા સમય બાદ ભાનુ ભાનમાં આવે છે અને આજુબાજુમાં ઊભેલા લોકોને જોવે છે. દોઢ મહિનો તે હૉસ્પિટલમાં પડી રહે છે. નારાયણ દરરોજ ગામથી ભાનુને ખાવા માટે હલકુ ફૂલકુ ખાવાનું અને ચા–દૂધ લઈને ત્યાં પહોંચતો તેને તેવી પરિસ્થિતિમાં પણ પતિની ચિંતા થયા કરતી એક દિવસ દોઢેક મહિના પછી ભાનુ રસ્તામાં કેટલીય વખત બેસતી–બેસતી ગામ પહોંચી તો એણે જોયું કે હરિયાની સાળી ભાગવતી ચૂલા આગળ બેસીને રોટી પકાવી રહી હતી. ભાનુ કશુંયે જ બોલ્યા વિના સીધી ખાટલામાં બેસી ગઈ. લેખિકાએ નારાયણના ઘરમાં ભાગવતીનાં પ્રવેશ પછી જે સ્થિતિ સર્જાય છે તેનું વાસ્તવિક અને હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. ભાનુના ઉદાત્ત, સહનશીલ, વિનમ્ર અને કામણ વ્યક્તિત્વથી સાવ વિપરીત એવું ભાગવતીનું પાત્ર વ્યક્તિત્વ નિરૂપાયું છે. ભાગવતી આખા બોલી છે. તેની વાણીમાં વિવેક નથી. પોતાના પતિનો આદર જળવાય તેવું તેનું વ્યક્તિત્વ નથી. ભાનુની સામે જ તે નારાયણને કહે છે કે : ***"કહું છું હજી તમે બેઠા–બેઠા શું કરો છો ? જઈને દુકાનેથી સાબુનો ચોરસો લઈ આવો."*** [११]

નારાયણ કશું બોલ્યા વગર ત્યાંથી ચૂપચાપ નીકળી જાય છે. ભાનુ પોતાના કપડા વિશે પૂછે છે ત્યારે ભાગવતી એ કપડા બુઢ્ઢી ભિખારણને આપી દીધાનું કહે છે. લેખિકાએ ઘરમાં આવેલા નાના–નાના પરિવર્તનો પ્રતિ સંકેત કરીને ભાગવતીના ઘરમાં જમાવાતા વર્ચસ્વનો નિર્દેશ કરે છે.

ભાગવતી અને ભાનુ એક ઘરમાં રહે છે પરંતુ ભાગવતીના વિચિત્ર સ્વભાવને કારણે ભાનુને ઘણુબધું સહન કરવું પડે છે. ભાનુને હવે ઘરના કામમાં બહુ રસ રહેતો નથી. આમ છતાં ભાગવતી એક દિવસ નારાયણ સમક્ષ કામ ન કરતી ભાનુ વિશે ફરિયાદ કરે છે. ***"કહું છું એ તો ઘરમાં રહે તો કયાંય ખભોય નમાવવા પડે ને ! જુઓ તો ખરા, જાણે મારી સામે***

***બદલો લેવાનો ન હોય ! વળી હમણાંથી તો હું કેવી હાલતમાં છું ને છતાંય આખા ઘરનો કુટારો મારે જ કરવો પડે છે.”*** [૧૨]

ભાનુને સમજાવતા નારાયણ કહે છે કે તું હવે મહેમાનની જેમ થોડી આવી છે. પહેલા તો બધુ કામ કરતી તો હવે કામ કરીશ તો તું શું મરી જવાની છો. ભાનુ નારાયણને સામે જવાબ આપી દઈને કહે છે કે ભાગવતી જે કંઈ કહે છે તે કરી દઉં છું છાણ વાસીદું કરી દઉં છું, કપડા ધોઈ દઉં છું, વાસણ માંજી દઉં છું, જયારે કહે છે ત્યારે રોટી બનાવી દઉં છું વગેરે કામ કરું છું. ભાગવતી નારાયણને કહે છે : ***“જુઓ, હું તમને ચોખ્ખી વાત જણાવી દઉં છું. ઘણા દિવસ રાંધી રાંધીને ખવડાવ્યું કંઈ હું કોઈની ખરીદેલી ગુલામડી નથી. આ આખો દિવસ એશઆરામ લૂંટતી રહે અને હું ચૂલામાં મોઢું નાખીને રહું. ભલે મારું ન રાંધે, એ એનું પોતાનું રાંધે ને ખાય. મારાથી કોઈની ગુલામી થતી નથી.”*** [૧૩] નારાયણ ભાગવતીને ઘણીવાર નમ્રતાથી સમજાવવાની કોશિશ કરે છે પરંતુ ભાગવતીનો મિજાજ ધીમે–ધીમે વધતો જાય છે. વળી, તેમાં આપણી ગુજરાતી કહેવત મુજબ ‘વઢકણી વહુએ દીકરો જણ્યો’ એ ઉક્તિ મુજબ ભાગવતી પુત્રને જન્મ આપે છે. ભાનુ તો વળી ઘરનો દીવો સળગતો રહે એવું આશ્વાસન લઈને પારકા પુત્રને પોતાનો માની પ્રેમ કરવા લાગે છે. પરંતુ ભાગવતીને આ બધું ગમતું નથી. જયારે તેનો પુત્ર કાલો માંદો પડે છે ત્યારે ભાગવતી ભાનુની નજર લાગી હોય તેવો આક્ષેપ કરે છે. દિવસેને દિવસે ભાગવતીનું જોર વધતું જાય છે. ઘરમાં કજિયા અને કંકાસથી કંટાળીને એક દિવસ ભાગવતી નારાયણને કહી દે છે કેઃ ***“કાં તો ભાનુ રહેશે આ ઘરમાં નૈ કા હું મરજી હોય એને રાખી લો.”*** [૧૪]

ભાનુને જાણે વાતની ગડજ નહીં બેઠી. વ્યગ્રતાથી તે નારાયણના મોઢા તરફ જોવા લાગી. નારાયણ કહે છે કે છોકરો ન હોત તો તેને જવા દેત પણ હવે જોને ભાનુ શું કરું. નારાયણનો પુત્ર મોહ ભાનુની અન્યત્ર રહેવા–મોકલવાની વ્યવસ્થા કરવા વિવશ કરે છે. ભાનુને ભાગવતીથી અપમાનિત થતી બચાવવા અને પોતાના પુત્ર મોહને પોષવા માટે તે

ભાનુને પોતાના બાજુના ગામમાં રહેતા ફૂતો નામના પચાસેક વર્ષના માણસનું ઘર વસાવવા માટે જવાનું કહી સમજાવે છે. ભાનુ નારાયણની આ વાતથી આઘાત અનુભવે છે પરંતુ આવનારી નવી પરિસ્થિતિને તે સ્વીકારી લે છે.

નવલકથાના અંતમાં કરુણતા જન્મે છે. બપોરે ચૌદા ગામથી ભાનુને તેડવા માટે ફૂતો આવવાનો છે. આખીય રાત ભાનુ સૂઈ શકતી નથી. સવારે મેડીએથી નીચે–ઊતરે છે ત્યારે તેને આખુંય ઘર ચક્કર ફરતું લાગે છે. ભાગવતીએ સવારે આપેલા ચા–પરોઠું ભાવતા નથી. થોડું ખાઈને ઊભી થઈ જાય છે. ઉદાસ મને તે ભાગવતીને પતિએ બનાવી આપેલી વીંટી પાછી આપે છે. બપોરે ફૂતો આવી જાય છે. નારાયણ ફૂતોની સાથે બહાર નીકળતા ભાનુને કૂવા તરફ આવવાનું કહે છે. ભાનુના હાથપગ જકડાઈ ગયા હોય તેમ બેસી રહે છે જે તનતોડ મહેનત કરીને ઘર બનાવ્યું હતું. જે ઘરે પુનર્જીવનની અને સ્થિરતાની આશા જન્માવી હતી. જે ઘરમાં હું તને જીવનભર છોડીશ નહીં એવા ઉચ્ચારાયેલા પતિના શબ્દોનો ગુંજારવ શમ્યો નહતો. જે ઘરમાં ભાનુએ નણંદની દીકરીના લગ્ન કર્યાં હતા. ગીતો–ગાયા હતા પતિ નારાયણનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો તે ઘર–વર–ગામને છોડી જવાનું નિશ્ચિત હતું. જે ઘરમાં રહી ભાનુ હજી આગલા ઘરના પતિ અને કુટુંબીજનોને પોતાના પિયરના ગામ અને એમાં રહેલાં એકલા અટુલા પિતાને હજી ભૂલી શકી નહોતી. ત્યાં વળી જેની સાથે નાતો અને સ્નેહ બંધાયો ને નારાયણ અને તેના ઘરને છોડવાનો સમય આવી ગયો. ભાનુ પોતાની એકપણ વસ્તુ લીધા વગર પહેરે કપડે જ નીકળી જાય છે. ઘર છોડતા પહેલા એક–બે વાર ઘરની અંદર બહાર નીકળી અંદર આવે છે અને અંતે : ***“બહાર આંગણામાં કાલો પડ્યો અંગૂઠો ચુસ્ત રહ્યો હતો. ભાનુએ એનું માથું ચૂમ્યું. કાલા હું જાઉં છું દીકરા ફળિયામાં પહોંચતાં એણે એકવાર ફરીથી ઘર તરફ જોયું. અતીતના બારણા આગળ અટકી, પછી ચાલી નીકળી, ઘાઘરો પહેર્યા વિના, ઘૂમટો કાઢ્યા વિના આજે ભાનુ ચોરામાંથી પરદેશીઓની જેમ ચાલી જઈ રહી હતી.”*** [૧૫]

ભાનુના નારાયણના ઘરમાં આગમનથી પ્રારંભાયેલી આ નવલકથા ભાનુની ઘરમાંથી થતી વિદાયના પ્રસંગના નિરૂપણમાં પૂરી થાય છે.

નવલકથાની પાત્રસૃષ્ટિ પણ લેખિકાએ કથાનાયિકા ભાનુના નારી સહજ મનોજગતને વર્ણવતી દર્શાવી છે. કથાનાયિકા ભાનુનું એક એવું પાત્ર ભારતીય નારી તરીકે ઉપસાવ્યું છે કે જે આજે પણ હાલની પરિસ્થિતિમાં ઘણી બધી સ્ત્રીઓ ભાનુ જેવી યાતનાઓ ભોગવતી જોવા મળે છે. બીજું આપણને એ જોવા મળે છે કે દરેક વખતે ભાનુનું સગપણ ભાનુ સિવાય અન્ય યુવતીનું સગપણ પૈસા લઈને જ કરવામાં આવે છે. અહીંયા દીકરીને પૈસા લઈ વેંચી અપાતી પરિસ્થિતિ જોવા મળે છે. એટલે જ ભાનુ પહેલા પતિના અવસાન બાદ તેના પિતા ફરી પાછો ભાનુનો સોદો પૈસા દ્વારા કરે છે. આ વાતની જાણ થતા ભાનુ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરે છે. આ સિવાય બીજા અન્ય પાત્રો જેવા કે મેલો ઘેલો દારૂડિયો નારાયણ, જે ભાનુના મળવાથી તેના જીવનમાં પણ પરિવર્તન લાવે છે. ભાનુને સતત શાંતવના આપતી સતીમા, નારાયણની બીજી વારની પત્ની, ભાગવતી તેનો દીકરો નવલકથામાં પોતાની ભૂમિકા સુપેરે ઉપસાવે છે અને પોતાના મનોજગતને વર્ણવે છે.

નવલકથાનું વાતાવરણ પણ સ્થળ–કાળ પ્રમાણે પરિવર્તન પામ્યાં કરે છે. પંજાબના ભટિડા કોટલે શહેરથી ગામ સુધીનો સફર કરાવે છે તો કથાનાયિકાને ગંગાના ઊંચા પ્રવાહમાં આત્મહત્યા કરતી પણ બતાવવામાં આવી છે અને નવલકથાનાં અંતે ફરી પાછી ઔઠા ગામમાં જતી પણ બતાવે છે.

આમ, નવલકથામાં સ્થળ–કાળ પ્રમાણે પરિવર્તન પણ જોવા મળે છે. નવલકથાની ભાષાશૈલી પણ ખૂબ જ રોચક બતાવવામાં આવી છે. પંજાબી ભાષાનો પૂરેપૂરો વિનિયોગ નવલકથામાં લેખિકાએ કર્યો છે તેમજ ગુજરાતીમાં પણ સુપેરે તેનો અનુવાદ કરવામાં આવ્યો છે.

આમ, ભારતીય નવલકથા તરીકે 'આનું નામ જિંદગી' નવલકથા ભારતીય ભાષાઓમાં કંઈક નોખી જ ભાત પાડતી કૃતિ તરીકે ઉપસી આવી છે. એક સ્ત્રીને ગુજરાતી કહેવત મુજબ 'દીકરીને ગાય દોરે ત્યાં જાય' તેવી સ્થિતિ કથાનાયિકા ભાનુની થાય છે. સમય પ્રમાણે ઘર–વર અને ઘરવાળા બદલતું રહેવું પડે છે અને અંતે પચાસ વર્ષના એક વિધુર સાથે તે તેના પતિ નારાયણના કહેવાથી ચૂપચાપ કંઈ જ બોલ્યા વગર ચાલી જાય છે. નવલકથાનો અંત કરુણમય બની રહે છે.

## ❖ 'બ્રાહ્મણકન્યા' – લે. શ્રીધર વ્યંકટેશ કેતકર, અનુ. ભારતી વૈદ્યઃ

મરાઠી સાહિત્યમાં ડૉ. કેતકર ફક્ત વિદ્વાન સાહિત્યકાર કે નવલકથાકાર તરીકે પ્રસિદ્ધ નથી. તેમને માનાવર પંડિતની કોટિમાં ગણવામાં આવે છે. પચાસ વર્ષના સર્જનકાળમાં તેમને હાથે વિવિધ ક્ષેત્રોમાં કેટલું વિપુલ સાહિત્ય સર્જન થયું છે. રાજકારણ, સમાજ, ઈતિહાસ, સંશોધન વગેરે ક્ષેત્રોમાં વિચારપ્રવર્તક સાહિત્યનું નિર્માણ કરવાનું તો તેમનું ખાસ ક્ષેત્ર હતું. તે ઉપરાંત વિવેચનસાહિત્ય, નવલકથા, કાવ્ય વગેરે સાહિત્યસ્વરૂપો પણ તેમણે સહજતાથી ખેડ્યા છે. આમાંની કેટલીક કૃતિઓ સાહિત્યનો અનમોલ ખજાનો થઈ ગઈ છે તો કેટલીક સારી એવી ખ્યાતી પામી છે.

'બ્રાહ્મણકન્યા' એમની પાંચમી નવલકથા છે. અકુલીન સંબંધોના પરિણામે થયેલાં બ્રાહ્મણસંતાનોનું ભવિષ્ય એ આ નવલકથાનો વિષય છે. હવે તો શહેરોમાં ઉચ્ચ સમાજમાં અને સમાજના અત્યંત નીચલા સ્તરમાં પણ જાતિબંધનો શિથિલ થઈને પાશ્ચાત્યો પ્રમાણે આર્થિક વર્ગો અસ્તિત્વમાં આવી રહ્યા છે. છતાં પણ હજી રૂઢિની સમાજની પકડ લોકમાનસ પરથી ગઈ નથી. એટલે આ નવલકથાનો વિષય જૂનો થઈ ગયો છે. એમ કહી શકાય એમ નથી. હજી પણ આવા 'કડૂ' સંબંધોથી પણ સંબંધોમાં ખાસ કરીને દીકરીઓના લગ્ન શિષ્ટ સમાજમાં કરતાં મુશ્કેલી પડે છે. આ નવલકથાની નાયિકા અપ્પાસાહેબ ડગ્ગેની દીકરી કાલિંદીને પણ તે સમયના સમાજનો ભોગ બનવું પડે છે.

નવલકથાની શરૂઆત અપ્પાસાહેબ ડગ્ગેના પરિવારથી થાય છે. તેમની દીકરી કાલિંદી કૉલેજમાં બી.એ.ના વર્ગમાં ભણતી હતી તે પાસ થઈ જશે. તેનું બહુમાન કરવામાં આવશે. છાપાઓમાં તેનું નામ છપાશે. સચિત્ર માસિકોમાં તેની છાપ પ્રગટ થશે એવી કંઈક આશા એના મા–બાપે બાંધી હતી પણ આશા નિષ્ફળ ગઈ.

કાલિંદીએ કૉલેજ છોડી દીધી. એટલું જ નહીં પોતાના મા–બાપનું ઘર છોડીને તે શિવશરણ અપ્પા નામના એક લિંગાયત વેપારીની રખાત થઈને રહી કાલિંદી જેવી છોકરીએ ગૃહત્યાગ કર્યો. સુપથનો ત્યાગ કર્યો એટલે તેના મા–બાપ રોષે ભરાયાં. તેમના આ રોષના કારણે મીમાંસા કરવી હોય તો કાલિંદીની દાદી માના જીવન પર પણ દષ્ટિપાત કરવો જોઈએ. મંજુલા મહેતાજી શાંતાબાઈની એટલે કે કાલિંદીની માની જન્મદાત્રી હતી. મંજુલાનું નામ પણ લોકોમાં ખૂબ પ્રચલિત બન્યું હતું. તેની નિંદાની કથા પણ લોકોમાં પ્રચાર પામી ચૂકી હતી. એટલે હજી સુધી ઘણા લોકોને મંજુલાબાઈ યાદ છે. તેનું બાળપણ કે જુવાની જોઈ હોય એવા લોકો બહુ થોડા હશે પણ જે છે એ કહે છે કે મંજુલાબાઈ ભલે ગમે તે જાતની હોય તે સુંદર હતા. તે બ્રાહ્મણ નહોતા. એ પણ બધાને ખબર છે કે લોકો એ પણ જાણે છે કે તે બ્રાહ્મણ ન હતી. પણ તેનું રૂપ રહેણી–કરણી અને બોલચાલ જોતા તે બ્રાહ્મણ નથી એમ કહેવાની કોઈની હિંમત ન હતી. કેટલાંક લોકો તો તેને બ્રાહ્મણની જ કોઈજાતની કન્યા માનતા હતાં. મંજુલા ચાર–પાંચ વર્ષની હતી ત્યારે જ તેના લગ્ન થઈ ગયા હતા. પંદર–સોળ વર્ષની થતા જ તે શાળામાં શિક્ષિકા તરીકે જોડાઈ તે પોતાના પતિગૃહે ગઈ જ ન હતી. મંજુલાનો વર કોઈ ત્યાંના આજુબાજુના ગામડાનો અને જૂની વિચારસરણી ધરાવતો હોવાથી તે શિક્ષિક થયા પછી તેને પોતાનો વર સાવ આવો ! એમ તેને શરમ લાગવા માંડી. તેનો વર એક તો સાવ ગામડિયો અને તેમાય ધોબી કે ઘાંચી જેવી સાવ હલકી નાતનો એટલે તેને તેનો પતિ પસંદ ન હતો. મંજુલા હિંમતવાન હતી. તેનામાં એક પતિને છોડીને બીજો પતિ કરવાની હિંમત હતી જ તેને તેના વકિલની સલાહ લઈ તેના વર પાસે એક

અઠિવાડિયામાં ભરણપોષણ કરવા માટે પાંચસો રૂપિયા માગ્યા તે ન આપી શક્યો એટલે એમણે મંજુલાને છોડી દીધી.

મંજુલાએ અનેક લોકો સાથે પ્રેમસંબંધ બાંધ્યો પણ છેવટે ડૉ. ચિંતોપંત સાથે જે સંબંધ થયો ને તે આખર સુધી ટકી રહ્યો. ડૉ. ચિંતોપંતથી મંજુલાને થયેલા બાળકોમાં એક છોકરી પણ હતી. આ છોકરી તેજ કાલિંદીની મા શાંતાબાઈ. શાંતાના લગ્ન શી રીતે થશે એની મંજુલાને ચિંતા હતી. મંજુલાએ એવી વ્યવસ્થા પણ કરી રાખી હતી કે છેવટે શાંતાના લગ્ન ન થઈ શકે તો છેવટે તે પોતાનું પેટભરી શકે એવું તેનામાં સામર્થ્ય હોવું જોઈએ. છેવટે મંજુલાએ ધાર્યું તેના કરતા પણ એક સારા યુવાન સાથે તેના લગ્ન થયા. અપ્પાસાહેબ ડગ્ગે વકીલ હતા તેને સાવ નાની છોકરી સાથે લગ્ન નહોતા કરવા પણ સુશિક્ષિત છોકરી સાથે લગ્ન કરવાની તેની ઈચ્છા હતી. જ્ઞાતિભેદ એક દૂષણ છે તે દૂર કરવું જોઈએ. એમ અપ્પાસાહેબ માનતા હતા એટલે શાંતાબાઈ સાથે તેના લગ્ન થયા. છાપાઓમાં આ લગ્નની ચર્ચા થઈ તેમાં અપ્પાસાહેબની ઉદાર દષ્ટિની પ્રશંસા થઈ જ પણ તે સાથે તેમની સુશિક્ષિત અને સુંદર પત્ની કુલહિન છે એ પણ કહેવામાં આવ્યું. ઘર આંગણે બેસીને સમાજ સુધારાની તાત્ત્વિક ચર્ચા કરવાવાળા લોકો શાંતાના લગ્નથી એક સામાજિક પ્રશ્નનો ઉકેલ આવી ગયો એમ કહેવા લાગ્યા પણ ખરેખર તો પ્રશ્નનો ઉકેલ આવ્યો નહોતો. પ્રશ્નની શરૂઆત હવે થતી હતી.

કાલિંદી સત્તર–અઢાર વર્ષની થઈ અને લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાવા લાગ્યું. તેના લગ્ન કેવી રીતે થશે એની ચિંતા એના મા–બાપને જ હતી એવું ન હતું. આડોશપાડોશના લોકો આ વાતે ચિંતા કરવા લાગ્યાં. અપ્પાસાહેબને એટલી બધી ચિંતા ન હતી. અપ્પાસાહેબને થતું જેમ એક રખાતની દીકરી સાથે લગ્ન કરવા તૈયાર થયો. એમ મારી દીકરીના રૂપગુણ જોઈ કોઈ યુવાન તેના હાથની માંગણી કરશે. કાલિંદી માટે એક–બે યુવાનના પત્રો પણ આવ્યા પણ તે અપ્પાસાહેબને ઠીક ન લાગ્યા. એક પત્ર એક દિવસ આવ્યો તે વાંચીને અપ્પાસાહેબને આનંદને બદલે સંતાપ જ થયો કારણ કે તેમાં જે વર્ગના

યુવાનો તરફથી આશા રાખી હતી તે વર્ગના યુવાનનો પત્ર ન હતો. પણ તે એક વેશ્યાનો પુત્ર હતો. કાલિંદી માટે આ યુવાનનો પત્ર આવ્યો એ જોઈ અપ્પાસાહેબને ખૂબ ગુસ્સો આવ્યો. અપ્પાસાહેબને થયું કે મે રીતસરના લગ્ન સંબંધથી મારી દીકરી જન્મી છે આ વેશ્યાનો છોકરો મારી આ સુંદર અને સદ્‌ગુણી છોકરી કાલિંદીને પોતાના વર્ગની સમજે છે કે શું? મેં શાંતા સાથે લગ્ન કર્યા છે એ મારા કુટુંબને વેશ્યાવર્ગમાં ધકેલવા માટે નહીં પણ વેશ્યા વર્ગની છોકરી પણ સારા વર્ગમાં જઈ શકે છે એ પુરવાર કરવા માટે કર્યા છે. પતિતોને નવી આશા આપવા માટે મેં આ લગ્ન કર્યા છે. પોતાને અને પોતાના વંશજોને પતિત વર્ગમાં ધકેલવા માટે નહિ.

અપ્પાસાહેબ પોતાના કુળના ભવિષ્ય માટે અત્યંત આશાવાદી હતા. હું બ્રાહ્મણ છું અને મારા વંશ જ પણ બ્રાહ્મણોના સમાજમાં પ્રવેશ પામશે. એવી તેમની ઈચ્છા હતી. કાલિંદી એક દિવસ શિવશરણપ્પા સાથે ગૃહત્યાગ કરી ચાલી જાય છે. કાલિંદી જેવી ભણેલ ગણેલ યુવતી આવું પગલું ભરે તે બહુ જ કહેવાય. તેવી તેના સમાજમાં અને સહકુટુંબમાં ચર્ચા–થવા લાગી. અપ્પાસાહેબનું જે સ્વપ્નું હતું. કાલિંદામાં જોયેલું તે ત્યાં જ તૂટી જાય છે. શિવશરણપ્પા પહેલેથી જ પરણેલો હતો તેને તેની પત્ની હોવા છતાં તે કાલિંદી સાથે રહેવા તૈયાર થાય છે. શિવશરણપ્પા સાથે અપ્પાસાહેબની બે પેઢીની એટલે કે તેમના બાપાના સમયની ઓળખાણ હતી એટલે અપ્પાસાહેબને ઘેર તેમનો આવરો જાવરો હતો. અપ્પાસાહેબને જૂના જમાનાના હિંદુ બાપ જેવા વિચારો ધરાવતા હતા. પોતાની ઉંમરના છોકરાઓ સાથે વાતચીત કરવાની તો કાલિંદીને મનાઈ જ હતી પણ લગ્ન થઈ ગયા હોય તેવા યુવકો સાથે કાલિંદી બોલેચાલે એમાં અપ્પાસાહેબને જરાય વાંધો નહતો. યુવાન છોકરી એ કોઈની સાથે કેટલી ઓળખાણ રાખવી કે કેટલો સંબંધ રાખવો એ વિશે આવા વિચિત્ર નિયમો હોવાને કારણે શિવશરણપ્પા અને કાલિંદી વચ્ચે વિના રોકટોક સંબંધ થયો. અશિક્ષિત શિવશરણપ્પા શ્રીમંત હતો તો પણ અપ્પાસાહેબનો નોકર જેવો લાગતો કાલિંદી તેમને પોતાના દરજ્જાનો ગણશે એવી અપ્પાસાહેબને કલ્પના પણ ન હતી.

કાલિંદીએ ગૃહત્યાગ કર્યા પછી કાલિંદી અને શિવશરણ અપ્પા વચ્ચે આટલો મેળ શી રીતે જામ્યો અને પોતાને એની કંઈ ખબર કેમ ન પડી એ વિશે કાલિંદીનો ભાઈ સત્યવ્રત વિચારવા લાગ્યો. સત્યવ્રત પરથી કાલિંદીનો વિશ્વાસ થોડો ઓછો થઈ ગયો હતો. કાલિંદીના ગૃહત્યાગને એક મહિનો થઈ ગયો પછી તે ધીરે–ધીરે ઘરની બહાર નીકળવા લાગી એક દિવસ કાલિંદીને સત્યવ્રત સાથે મુલાકાત થાય છે. બન્ને ભાઈ–બહેન મુક બની ઊભા હોય છે. બન્નેને એમ થાય છે કે વાતની શરૂઆત પહેલા કોણ કરે.

થોડો સમય બન્નેમાંથી કોઈ બોલતું નથી પછી કાલિંદી વાતની શરૂઆત કરે છે અને તેના માતા–પિતા મજામાં છે તેમ પૂછે છે. પછી પોતાના સમાજની અને તેમાં રહેલા બ્રાહ્મણજ્ઞાતિની વાત કરે છે. બ્રાહ્મણજ્ઞાતિના લોકો તેનો સ્વીકાર કરવા તૈયાર નથી તેવા સમાજમાં તેવી જ્ઞાતિમાં રહીને પણ શું ફાયદો છે તેવી બન્નેમાં ચર્ચા થાય છે. કાલિંદી અને સત્યવ્રત બન્ને મળે છે તેને એક વર્ષ વીતી ગયું હોય છે. કાલિંદીને એક પુત્ર જન્મ્યો હોય છે. કાલિંદીની માને પૌત્રનું મોઢું જોવાની ઈચ્છા થાય છે અને તે કાલિંદી પાસે જાય છે. એણે જોયું કે કાલિંદી રીતસરના લગ્નથી થયેલી પત્ની નથી છતાં તેનું માન પાન છે. તેની પરની કાળજી રાખવામાં આવે છે. એ જોઈ તે તેના મોમાંથી અનાયાસે બોલ સરી પડ્યા : ***“પુરૂષો રખાતનું વધુ સારી રીતે ધ્યાન રાખે છે. પણ વિધિસરના લગ્નથી પ્રાપ્ત થયેલી પત્ની એટલે હકની વસ્તુ હોઈ તેની તેમને મન કિંમત નથી હોતી કારણ કે પત્ની તો લગ્નબંધનથી બંધાયેલી છે. રખાત એ રીતે બંધાયેલી નથી હોતી.”*** [૧૬] નૈતિક દષ્ટિએ પોતાની દીકરીનું પગલું માને ઉચિત નહિ લાગ્યું હોય તો પણ વ્યવહારિક દષ્ટિએ તેણે સાવ–ખોટું પગલું નથી ભર્યું એમ તેને લાગ્યું. પુત્રના જન્મ પછી કાલિંદીના મનમાં લાગવા માંડ્યું હતું કે પોતે ભરેલું પગલું ખોટું છે. સ્ત્રીઓએ લગ્ન કર્યા વિના પોતાના પ્રિયતમ સાથે રહેવું એ સારું છે કે નહીં એ વિશે તેના વિચારો બદલાવા માંડ્યા હતા.

કાલિંદી અને શિવશરણનામાં એકબીજા પરત્વે ભાવનાનું પરિવર્તન થયું છે તે વધુ તીવ્રતાથી તો પુત્ર જન્મ પછી થયું પણ તેની શરૂઆત પહેલેથી એટલે કે કાલિંદીના ગૃહત્યાગ પછી બે–ત્રણ મહિને થઈ ગઈ હતી. આજે પોતે શિવશરણને છોડી જવાનો વિચાર કરે તો તે તેને માટે શક્ય છે ખરું ? બિલકુલ નહીં પણ શિવશરણ મારો ત્યાગ કરવા ચાહે તો તેમને કંઈ જ વાંધો નથી. એવું તે વિચારવા લાગી અને એક દિવસ તેમનો આ વિચાર વાસ્તવિક જીવનમાં પલટાય જાય છે અને શિવશરણ તેને છોડી દે છે. કાલિંદીને કાવ્યમાં આલેખેલ જગતના સ્વરૂપની જ કલ્પના હતી પણ શુક્રવાર પેઠમાં રહેવા ગયા પછી તેને જગતના ખરા સ્વરૂપનો ખ્યાલ આવ્યો. એક દિવસ તે શુક્રવાર પેઠમાંથી નીકળી ગઈ અને રસ્તા પરની એકબીજી પેઠમાં રહેલી એસ્થિર ડિબ્લેકટ નામની એક શિક્ષિકા સાથે રહેવા લાગી. બ્રાહ્મણ જ નહીં બ્રાહ્મણેતર પણ મને તુચ્છ સમજે છે એમ લાગતા અને પ્રેમમાં નિરાશા મળતા પોતાની જાતને કષ્ટ દેવા ખાતર કાલિંદીએ સુપથનો ત્યાગ કર્યો હશે એ ખ્યાલમાં સત્યવ્રત થોડા દિવસ રહ્યો.

કાલિંદી અને એસ્થર થોડા સમય સાથે જ રહ્યા ત્યાં સુધીમા તો તેને કાલિંદીની સંપૂર્ણ જીવનકથા જાણી લીધી હતી. કાલિંદી એસ્થરને ઘેર આવી તેને ઘણા દિવસ થઈ ગયા હતા. કાલિંદીની નોકરી માટેની વાત પણ મુંબઈ ચાલુ હતી. નોકરી મળે એટલે કાલિંદી મુંબઈ ચાલી જવાની હતી. કાલિંદીના ભાઈ સત્યવ્રતને મુંબઈ જવું હતું પણ તેને પુના છોડવાનું મન થતું ન હતું. કાલિંદીની મનઃપ્રવૃત્તિ વિષે સત્યવ્રત વિચાર કર્યા જ કરતો હતો. શાંતારામ ગુપ્તેના લગ્નની જે કંકોત્રી સત્યવ્રતને હાથ લાગી હતી તેના પર એક વર્ષ અગાઉની તારીખ હતી. એ ઉપરથી એણે અનુમાન કર્યું કે કાલિંદીના મનમાં ત્યારથી જ નિરાશા જાગી હશે. એ પછી એક દિવસ સત્યવ્રતના હાથમાં 'ચંદ્રિકા' નામના માસિકનો એક અંક આવ્યો એમાં એક સચિત્ર વાર્તા પ્રસિદ્ધ થઈ હતી. તે માસિકમાં છપાયેલી વાર્તાનો પહેલો ફકરો એને ખૂબ જ જાણીતો લાગ્યો. એ વખતે આ લખાણને કોઈ શીર્ષક નહતું પણ પ્રસિદ્ધ થયેલી વાર્તાનું શીર્ષક અને પહેલો ફકરો નીચે પ્રમાણે હતા : ***''એક પ્રશ્ન કલંકિતાએ શું કરવું ? પોતાની પહેલી***

*ભૂલ માટે પોતાના સમગ્ર ભાવિ જીવનનું બલિદાન કરવું એ તેનું કર્તવ્ય છે કે આપઘાત કરવો એ તેનું કર્તવ્ય છે ? કે પછી પોતાનું આચરણ છુપાવીને તેનામાં વિશ્વાસ કરનારા અને તેને પવિત્ર માનનારા કોઈ યુવાનને ફસાવીને લગ્નબંધનમાં જકડી તેવો કે પોતાના જીવનના પ્રારંભ પવિત્ર આચરણથી થયો છે. તો એ જ આચરણ ચાલુ રાખવું ? વાચકો આ બધા સવાલોના પ્રામાણિકપણે જવાબ આપવાની હિંમત તમારામાં છે?''*[૧૭] સત્યવ્રતે એટલે સુધીનો વાચ્યુ હતું પણ તેને એ ન સમજાયું કે આ પ્રસ્તાવના નિબંધની છે કે વાર્તાની અને તે રહસ્યનો આજે ઉકેલ આવ્યો હતો તે પ્રસ્તાવના વાર્તાની હતી.

પછી તો ક્રમશઃ રોજનીશી અને પત્રોના ઉતારા આપવામાં આવ્યા હતાં. નીચે તેમાં નય દેવભગિની એવી સહીં હતી. અભાગી સ્ત્રીઓને ન્યાય મળે એ માટે પોતે ખટપટ કરી રહી છે એવું સૂચવતું આ તખલ્લુસ હતું, તે ઉપરાંત એકબીજો અર્થ પણ તે તખલ્લુસ દ્વારા સૂચવાતો હતો એ અર્થ અને નયદેવ ભગિની એ સહીં પાછળ રહેલી ખુમારી સત્યવ્રતને ઓળખી નયદેવ એટલે યમની બહેન એટલે યમુના અથવા કાલિંદી આ વાર્તા પ્રસિદ્ધ થયાને બે–એક મહિના થઈ ગયા. નયદેવ ભગિની વાર્તા હજી વાચકો ભૂલ્યા ન હતા. પણ તેના વિશેના અભિપ્રાયો આવી ચૂક્યાં હતાં કાલિંદી સાથેના નયદેવ ભગિનીનો સંબંધ કોઈ જોડશે કે કેમ એ વિશેનો સત્યવ્રતનો ડર કંઈક ઓછો થઈ ગયો હતો.

કાલિંદીએ થોડા સમય પછી પોતાની જે નોકરી મુંબઈમાં મળવાની હતી તે માટેનો નિમૂણકનો લેખિત પત્ર તેને મળે છે અને કાલિંદી મુંબઈ જાય છે ત્યારે તેને એવો અહેસાસ થાય છે કે અપયશ અને દુઃખથી ભરેલું જીવન હવે હું છોડી રહી છું અને આત્મન્નિતિના માર્ગે જઈ રહી છું. કાલિંદી મુંબઈ ગઈ ત્યાં પણ તે એક મઝગાંવમાં એક યહૂદી કુટુંબ સાથે રહી મુંબઈ આવીને બીજે દિવસે કાલિંદી તેની લેબર ઓફિસમાં ગઈ ત્યાં તેને કામ સમજાવી દેવામાં આવ્યું. તેને મુખ્યત્વે આંકડા ભેગા કરવાનું કામ કરવાનું હતું. લેબર ઓફિસ મજૂર વર્ગની ઘટતી પરિસ્થિતિની ખરેખરી માહિતી મેળવવા માગતી હતી. એક દિવસ કાલિંદી

રાત્રે આઠ વાગે તપાસ પૂરી કરીને પાછી વળતી હતી ત્યારે બન્યુ કે તેનો વિક્ટોરિયાવાળો કયાંય દેખાયો નહિ અને થોડીવારમાં એક માસ્તર આવ્યો અને તેને પોતાને ત્યાં ઉપર બોલાવીને તેની સાથે વ્યવહારિક વાતને બદલે તે માણસ પ્રેમચેષ્ટાની હદ સુધી પહોંચી ગયો પછી કાલિંદી બુમાબુમ કરી ગેલેરીમાં આવી જાય છે. ત્યાં તેને એક યુવાન છોકરો બચાવે છે અને થોડે સુધી મૂકવા જાય છે. કાલિંદી તેનું નામ પૂછે છે તે કહે છે કે મને બધા રામરાવ વકીલ તરીકે ઓળખે છે.

રામરાવ અને કાલિંદીની મુલાકાત પછી તો અવારનવાર થવા લાગી હતી અને બન્ને વચ્ચે મિત્રતાનો સંબંધ રચાય છે. રામરાવની ઓફિસ પોયબાવડીને નાકે હતી. રામરાવ મૂળ સતારાનો હતો તેમનું બાળપણ વરાડ–નાગપુર તરફ વીત્યું હતું તેમના પિતા સરકારી નોકર હતા. રામરાવના મનમાં અમુક વિચારો પાકા થઈ ગયા હતા. તેમને એમ લાગતું હતું કે આવડું મોટું કામ હું હાથ ધરી રહ્યો છું તો મારે લગ્ન ન કરવા જોઈએ. કારણ કે મેં જે પ્રકારનું જીવન સ્વીકાર્યું છે એ જાતનું જીવન ચાલવા દે એટલું જ નહીં તેમા મદદ કરે એવી સહચરી મને કયાંથી મળશે ? સ્ત્રીઓને તો સુખી જીવન ગુજારવા માટે પતી જોઈતો હોય છે. કોઈ કારણસર સ્ત્રીઓ વિશે રામરાવના મનમાં ખોટો અભિપ્રાય બંધાઈ ગયા હતા પણ એમ છતાં કારખાનામાં સ્ત્રીઓને કોઈ રીતે અન્યાય થતો ને દૂરથી તેઓ ખાસ પરિશ્રમ કરતા.

કાલિંદી અને રામરાવ વચ્ચે તો અવારનવાર મુલાકાતો થવા લાગી હતી અને કાલિંદીની સાચી ઓળખની ખબર પણ રામરાવને પડી ગઈ હતી. કાલિંદી યહૂદીની સાથે રહેતી એટલે તેને યહૂદી જેવું નામ રાખેલું પણ તે રામરાવને કંઈક અલગ–લાગતું હતું. તેથી રામરાવને એવું લાગતું કે પોત–પોતાના વિચારો અને જીવનનું સ્પષ્ટીકરણ કરવાની શરૂઆત થાય તો કાલિંદીનું ખરું નામ જાણવા મળે. સવારે તો કાલિંદી અને રામરાવ મળતા જ પણ સવારનો વખત કામનો હોવાથી રામરાવને એમ થવા લાગ્યું કે કાલિંદી બીજા કોઈ વખતે પણ મળવા આવે અને સાથે ફરવા જઈએ તો વધુ સારું આમ બન્ને વચ્ચેની નિકટતા

વધતી જતી હતી. પછી તો ધીમે–ધીમે દર શનિવાર અને બાકી બીજા દિવસોમાં પણ રામરાવ કાલિંદીને મળવા જતો બન્ને વચ્ચે નિકટતા વધતી જતી હતી.

થોડા સમય બાદ ફરી પાછો સત્યવ્રત દેશમાં પરિભ્રમણ કરતો કરતો થોડો સમય દિલ્હીમાં રહ્યો હતો. દિલ્હીને તેને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું એમ કહી શકાય. દિલ્હી દેશની રાજધાની છે અને એક વખત મરાઠાઓના દુશ્મનની રાજધાની હતી. એ શહેરનું વાતાવરણ પૂનાને કેટલી હદે મળતું આવે છે અને કેટલી હદે જુદું પડે છે, એ જોવા માટે સત્યવ્રત ઈચ્છા થઈ એટલે એ ઘણા મહિના દિલ્હીમાં રહ્યો હતો. ત્યાંથી પંજાબ થઈ અનેક સ્થળોનું ભ્રમણ કરીને ફરી પાછો દિલ્હી પહોંચી જતો. સત્યવ્રતે કાલિંદીને એક પત્ર લખ્યો હતો પત્ર સત્યવ્રતની નાની બહેન ઉષાને મોકલાવી આપ્યો અને તેને કહ્યું કે આ પત્ર તું કાલિંદીને પહોંચાડી દેજે તે પત્રમાં સત્યવ્રતે લખ્યું હતું કે પ્રિય બહેન તારી મનોસ્થિતિ આજકાલ કેવી હશે એનો મને ખ્યાલ નથી. માના લખવાથી એટલી ખબર પડી છે કે તારે દીકરો છે અને એનું નામ તે 'ચિંતુ' પાડ્યું છે. આ નામ રાખવાનું કારણ મને શોધ્યું જડતું નથી. આપણી માના પિતાનું નામ 'ચિંતોપંત' હતું તે પરથી તે તારા દિકરાનું નામ ચિંતુ પાડ્યું હશે એમ હું માનું છું.

આપણા સમાજમાં જૂના વિષયો તોડીને નવા નિયમ પ્રચલિત કરવાની લડત જોરશોરથી ચાલતી રહી હોત તો આપણી સામાજિક દુર્ગતિ ન થાત પણ આપણે ત્યાં રીતસરની લડત થઈ જ નથી. ઉત્તરમાં આર્યસમાજ આ પ્રયત્નો કરે છે. આર્ય સમાજને લીધે સમાજનું ધ્યાન રાખનારું એક પરિબળ નિર્માણ થયું છે. જાતિભેદની ઉપેક્ષા કરીને લગ્ન કરનારને આર્ય સમાજમાં સારું સ્થાન દે આપણે પણ આર્ય સમાજમાં જોડાવું જોઈએ એમ લાગે છે. થોડા સમયબાદ સત્યવ્રતને કાલિંદી પરનો પત્ર ઉષાના નામે આવ્યો. કાલિંદીનું સરનામું હજુ ડગ્ગે કુટુંબની પાસે ન હતું. કાલિંદી કયાં રહે છે. એની જાણ ન હતી. અપ્પાસાહેબે કાલિંદી સાથે કોઈપણ જાતનો વ્યવહાર નહીં રાખવાની તકેદારી કરી હતી. તે

હજુ પાછી ખેંચી લેવાઈ ન હતી. એટલે કાલિંદી મુંબઈ ગઈ છે એમ એસ્થર મારફતે જાણવા મળ્યું હતું. તો પણ કોઈએ એને કાલિંદીનું સરનામું પૂછ્યું નહતું.

અપ્પાસાહેબના વિચારો હજુ કેટલા જૂનવાણી હતા તે આપણને વૈજનાથ શાસ્ત્રી સાથે વાર્તાલાપ કરે છે ત્યારે ખબર પડે છે. વૈજનાથ શાસ્ત્રી અપ્પાસાહેબને સમજાવે છે કે તમે શું કર્યું એનું તમારા ધ્યાનમાં આવ્યું નથી. તમારી સાસુ શિક્ષિકા હતા એટલે કે સ્વાવલંબી સ્ત્રી હતી. એણે પતિનો અસ્વીકાર કરી તમે માનો છો કે આ કામ ખોટું હતું અને એની દીકરી સાથે લગ્ન કરીને તમે બહુ મોટું ઉદારતાનું કામ કર્યું છે. તમારી દીકરી લગ્ન કર્યા વિના એક પુરુષ સાથે રહી એ કામને તમે ખોટું ગણો છો તમારું સમગ્ર વર્તન આ જુની કલ્પનાનું દ્યોતક છે. તમારી સાસુ કે દીકરીએ કંઈ ખોટું કામ કર્યું નથી. એમના જીવનનું રહસ્ય તમે સમજી શકયા નથી. એટલું જ અપ્પાસાહેબ જયારે આ વાત થોડી–ઘણી સમજમાં બેઠી હતી અને તેના જે વિચારો કાલિંદી પ્રત્યે હતા. તેના વિચારોનું પરિવર્તન થાય છે અને તે શાસ્ત્રીજીને કહે છે કે તમે આ બધું સમજી શકયા છો એમને શાસ્ત્રીજી કહે છે કે હા ત્યારે અપ્પાસાહેબ કહે છે કે, ***"આ તમારું ગોળ–ગોળ અગડબંબ શબ્દોનું પાંડિત્ય થયું. તમાર આ પાંડિત્ય પ્રમાણે દરેક વેશ્યા દુરાચારી સ્ત્રી નથી પણ માતૃસત્તાક કુટુંબ સ્થાપનારી સ્ત્રી છે."***[૧૮]

અપ્પાસાહેબ શાસ્ત્રીજીને કહે છે કે તમારી પાપ–પુણ્યની કલ્પના શી છે ત્યારે શાસ્ત્રીજી કહે છે કે ધર્મ અને પાપ–પુણ્યની કલ્પનાઓ તો હંમેશા બદલતી રહે છે. પાશ્ચાત્ય દેશોના શાસ્ત્રો તો હજી પણ ધાર્મિક ગ્રંથો પર આજીવિકા મેળવતા પાદરીઓથી ડરીને ચાલે છે અને એટલે ધર્મગ્રંથોમાં ફેરફાર કરવાનો અધિકાર બ્રાહ્મણોનો છે તો બ્રાહ્મણોએ જ એ કાર્ય કરવું જોઈએ. એ હિસાબે તેની શરૂઆત કરવા માટે હું વૈજનાથ આ બાબત આ પ્રમાણે નિયમો આપું છું : ***"સ્ત્રી અવિવાહિત હોય ત્યારે માતૃત્વ સ્વીકારે તો એમાં પાપ નથી હોતા સ્ત્રી લગ્ન વિના પુરુષ પાસે રહે તો એને પુરુષની માલમિલ્કત પર***

*અધિકાર પ્રાપ્ત થતો નથી અને તે સ્ત્રીથી ઉત્પન્ન થતી પ્રજાને પણ પિતાની મિલ્કત પર અધિકાર મળતો નથી. એટલે જ લગ્ન વિના પ્રજા ઉત્પન્ન કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આમ આ બધા ખેલ પૈસાનો છે. એની સાથે પરલોક કે ઈશ્વરીય આજ્ઞાને કોઈ સંબંધ નથી. પહેલાના વખતમાં લગ્ન વિના સ્ત્રીને થતી પ્રજાને પણ વારસા હક્ક હતો. લગ્ન વિનાના માતૃત્વને કારણે સ્ત્રી અને બાળકોને સંપત્તિ પર અધિકાર ન હોવાથી સજાતો મળે જ છે તે પછી એથી વધારે કડક શિક્ષા શા માટે.''*[૧૯] આમ વૈજનાથ શાસ્ત્રી અને અપ્પાસાહેબની મુલાકાત અપ્પાસાહેબના મતે ધાર્યા કરતા ઘણી સફળ નીવડી.

કાલિંદી વિશે રામરાવના મનમાં હંમેશા વિચાર રમ્યા કરતા એ કઈ જાતિની છે કે એવી કોઈ પૂછપરછ રામરાવે કરી ન હતી. ખરું પૂછો તો એને એવી વાતોની ચિંતા ન હતી એમ કહીએ તો ચાલે. એની દષ્ટિએ તો એક જ વાત મહત્ત્વની હતી અને તે એ કે પોતે સ્વીકારેલા જીવનના ધ્યેયમાં કાલિંદી સહાયરૂપ થાય એમ છે કે નહિ જિંદગીનું ધ્યેય બનવાનું છે. પૈસાદાર થવાનું નહીં. એ જાણ્યા પછી જે સ્ત્રી એનો સ્વીકાર કરે એવી સ્ત્રી પત્ની હોવી જોઈએ એમ એણે નક્કી કર્યું હતું. બન્ને ને એકબીજાના વિચારોની આપલે કર્યા પછી એક થવાનું નક્કી કર્યુ હતું. કાલિંદી ને પણ પોતાના ભૂતકાળ વિશે રામરાવને બધું કહી દેવાની ઉતાવળ હતી. જ્યારે બન્ને પોતે એકબીજાની વાતનો ખુલાસો કરે છે ત્યારે બન્નેએ એકબીજા પ્રત્યે વિચાર્યુ હતું તેનાથી સાવ જુદુ જ બને છે. કાલિંદીનો ભૂતકાળ તો રામરાવને પોતાનોય બને છે. તેને એક પુત્ર હતો તે પણ રામરાવને ખબર ન હતી અને તેનો પિતા પણ છે હાલમાં તે વાતથી પણ તે સાવ અજાણ હતો. આ વાતની ખબર પડતા જ રામરાવના વિચારો બદલાય જાય છે અને તે કાલિંદીને કહે છે : *''કાલિંદી તે મને જે વાત કહી છે એનાથી તારા પ્રત્યેનો મારો આદર જરા પણ ઓછો થયો નથી. ઊલટાનો એમાં વધારો થયો છે. તોપણ આજે તારી સાથે લગ્ન કરવા હું તૈયાર નથી. મનમાં અનેક વિચારો ઊઠે છે અને મનમાં એવી પ્રેરણા ઊઠે છે. કહે છે આપણા ઉતાવળે લગ્ન ન કરીશ ધારો કે આપણા લગ્ન થાય અને પછી તારા પુત્રનો પિતાએ છોકરાને મળવાની ઈચ્છા કરવા લાગે તો એને ના*

*પાડવાને મારું મન ન માને અને એ છોકરો માંદો સાજો હોય અને પિતા એને જોવા આવે તો ના પાડવા જેટલો પાષાણ હૃદયી હું ન થઈ શકું. કોઈ પુરુષ સાથે તારો પૂર્વસંબંધ હોત તો તારી સચ્ચાઈ પર વિશ્વાસ રાખીને તારી સાથે લગ્ન કરવામાં મને જરાયે વાંધો ન હતો પણ તારે પુત્ર છે એના દ્વારા તું અને એ પુત્રનો પિતા એકરજથી બંધાયેલા છો અને તમારા લગ્ન ન થયા હોય તો પણ જે ઋણાનુબંધ તમારામાં નિર્મિત થયા છે તે સહેલાઈથી તૂટશે નહીં."*[૨૦]

બીજીબાજુ શિવશરણપ્પા પાસે જે કાંઈ થોડું ઘણું બચ્યું હતું તે તેને સટ્ટામાં લગાવી દીધું હતું. તેને થયું કે કાંતો પૈસા આવે તો પહેલાની જેમ રૂપિયાવાળો બની જાવ અને જાય તો પણ તેને તેની જિંદગી સાથે નક્કી કરી રાખ્યું હતું કે જિંદગી ખતમ કરી દેવી તેવામાં તે સટ્ટામાં પોતાની પાસે રાખેલા બે હજાર રૂપિયા હારી જાય છે અને અફીણના વધારે પડતા ડોઝના કારણે તેનું મૃત્યુ નીપજે છે. એમણે એક પત્ર લખ્યો હતો તે હોસ્પિટલના માણસને કહેલું કે આ પત્ર કાલિંદી સુધી કોઈપણ રીતના પહોંચાડવો એમણે એ પત્રમાં કાલિંદી સાથે ભૂતકાળમાં જે સંબંધ બાંધ્યો હતો તેના વિશેનું વર્ણન કર્યું હતું અને તેની મજબૂરી કાલિંદીને છોડવાની કેમ હતી તે પણ તે પત્રમાં જણાવ્યું હતું. બીજીબાજુ તેના પુત્ર માટે પણ તેને જે થોડાઘણા રૂપિયા અને બીજી જે મિલકત રાખી હતી તે પણ લખ્યું હતું. ***"તેને એ પણ લખ્યું હતું કે આ પત્ર કાલિંદીના હાથમાં આવે તો એને હું એટલું જ કહેવા જાણું છું કે એની યાદ ન આવી હોય એવો એકપણ દિવસ વિત્યો નથી."***[૨૧]

તો બીજીબાજુ નવો સમાજ સ્થાપવા બાબત અપ્પાસાહેબની જ ઈચ્છા કંઈ મોળી થઈ ગઈ હતી. તેમણે વિચાર્યું કે આપણા પૂરતા જ પ્રશ્નનો ઉકેલ આવી ગયો છે. આપણા બાળકોના પ્રશ્નનો ઉકેલ આવી ગયો છે. આપણા બાળકોનો પ્રશ્ન ઊભો થશે ત્યારે વળી જોઈ લઈશું. એમ રામરાવ, કાલિંદી, અપ્પાસાહેબ, શાંતાબાઈ, અપ્પા, બોપટે નક્કી કર્યું ઉષાનો પ્રશ્ન પણ લગભગ ઉકલી ગયો હતો અને અપ્પાસાહેબે સ્વીકાર કરી લીધું કે જે

જ્ઞાતિમાં પોતાના બાળકોએ લગ્ન કર્યા તે તેને માન્ય રાખ્યા હતા. પોતે બ્રાહ્મણ હતા છતાં તેને એક નીચા વર્ગની રખાતની દિકરી સાથે લગ્ન કર્યાં અને બ્રાહ્મણ સમાજમાં તેને માન અને સન્માન આપ્યા તેજ પ્રમાણે તેના દરેક બાળકોએ પણ અલગ–અલગ જ્ઞાતિમાં લગ્ન કર્યાં અને જે–તે જ્ઞાતિમાં તેને સમાવી લેવાયા.

આમ, આ નવલકથામાં લેખકનો જે કેવાનો મૂળ હેતુ હતો તે આવી નવલકથા વાંચતા જ સ્પષ્ટ થઈ જાય છે. નવલકથાના પાત્રો પણ પોતાની રીતે સુપેરે ઉપસી આવ્યા છે. અપ્પાસાહેબ પોતે એક બ્રાહ્મણ હોવા છતાં પોતાનાથી નીચી જાતિની એક રખાતની દીકરી સાથે શાંતાબાઈ સાથે લગ્ન કરે છે અને બ્રાહ્મણ સમાજમાં તેનું સ્થાન અને માન બની રહે તેવા પ્રયાસો કરે છે. તો બીજીબાજુ સંતાનો જેવા કે કાલિંદ, સલ્યા અને ઉષા પણ પોતાનાથી વિરુદ્ધ જ્ઞાતિના લોકો સાથે લગ્ન કરી સમાજમાં પોત–પોતાનું સ્થાન બનાવવાની કોશિષ કરે છે. આ સિવાય પણ બીજા અન્ય પાત્રો જેવા કે શિવશરણ અપ્પા, રામરાવ, એસ્થર જેવા પાત્રો પણ પોતપોતાની સુપેરે ભૂમિકા ભજવે છે.

નવલકથાની ભાષાશૈલી સરળ અને સાદી ભાષામાં ઉપસી આવી છે. તો તેનું વાતાવરણ પણ સમય સ્થળકાળ પ્રમાણે પરિવર્તન પામતું રહે છે. દિલ્હી, પૂના, મુંબઈ જેવા મહાનગરોમાં પણ સમય પ્રમાણે પરિવર્તન પામે છે. આમ 'બ્રાહ્મણકન્યા' નવલકથા વાંચતા એટલું તો જરૂર સ્પષ્ટ થાય છે કે પહેલાના જમાનામાં એક જ્ઞાતિમાંથી બીજી જ્ઞાતિમાં જ્યારે સંતાનો લગ્ન કરવા માટે જે મુશ્કેલીનો સામનો કરવો પડતો તેવી જ પરિસ્થિતિ અને હાલતનો સામનો અત્યારે પણ આપણા સમાજમાં બનતો રહે છે. ૨૧મી સદીમાં પણ આજે માણસમાં મનોભાવો બદલાયા નથી અને ઘણી જગ્યાએ અપ્પાસાહેબ જેવી જ પરિસ્થિતિમાં મુકાય છે. તેવી જ પરિસ્થિતિમાં આજના મા–બાપ પણ મુકાય છે. આમ, સમય બદલાયો પણ પરિસ્થિતિ પહેલાના જેવી જ છે. તેમા કોઈ ફેરફાર થયો નથી. ભારતીય નવલકથા તરીકે 'બ્રાહ્મણકન્યા'ની કથાનાયિકા કાલિંદી આજના સમાજનું ઉત્તમોત્તમ ઉદાહરણ તરીકે આપણી સમક્ષ લેખકે મૂકી આપ્યું છે.

# ❖ પાદટીપ ❖

૧. 'પિંજર', અમૃતા પ્રીતમ, આવૃત્તિ–૧૯૯૯, પૃ.૧૩

૨. એજન, પૃ.૪૪

૩. એજન, પૃ.૬૪

૪. એજન, પૃ.૧૦૩

૫. એજન, પૃ.૧૩૧

૬. 'આનું નામ જિંદગી', દલીપ કૌર ટિવાણા, અનુ. ચન્દ્રકાન્ત શેઠ, આવૃત્તિ–૧૯૯૪, પૃ.૨

૭. એજન, પૃ.૧૪

૮. એજન, પૃ.૧૫

૯. એજન, પૃ.૫૭

૧૦. એજન, પૃ.૬૦

૧૧. એજન, પૃ.૬૧

૧૨. એજન, પૃ.૬૩

૧૩. એજન, પૃ.૬૪

૧૪. એજન, પૃ.૬૮

૧૫. એજન, પૃ.૭૦

૧૬. 'બ્રાહ્મણકન્યા', શ્રીધર વ્યંકટેશ કેતકર, અનુ. ભારતી વૈદ્ય, આવૃત્તિ–૧૯૭૧, પૃ.૧૯

૧૭. **એજન, પૃ.૪૬**

૧૮. **એજન, પૃ.૧૪૫**

૧૯. **એજન, પૃ.૧૪૭**

૨૦. **એજન, પૃ.૧૯૭**

૨૧. **એજન, પૃ.૨૦૭**